RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 21-08-2026 I VOL : 12 I Issue : 156 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


સુવિચાર

જીવનમાં હંમેશા આગળ વધતા રહો. મહેનતનો કોઈ વિકલ્પ નથી.

3  ભાવનગરમાં ફરી લઠ્ઠાકાંડનો તાંડવ: AAP ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ પીડિતોની...


4  બાંગ્લાદેશને મળ્યા નવા રાષ્ટ્રપતિ, મિર્ઝા ફખરુલ ઇસ્લામ આલમગીર જીત્યા

6  કંગનાએ બાબા રામદેવ પર સાધ્યું નિશાન, કહ્યું- 'મારી જવાનીના સપના...

7  રોનાલ્ડો-જ્યોર્જિનાએ 'સાદાઈ'થી લગ્ન કર્યા

## એક નજર...

### સ્ટાઈલિશ આઉટફીટમાં રકુલ પ્રીત સિંહે આપ્યા ગ્લેમરસ પોઝ



રકુલ પ્રીત સિંહ પણ તેના લુકના કારણે ચર્ચામાં છે. તેની દરેક સ્ટાઈલે લોકોને દિવાના બનાવી દે છે. રકુલ પ્રીત સિંહ આજે તેના ઉત્તમ અભિનય માટે જાણીતી છે. હાલમાં તેની પાસે ઘણી ફિલ્મો છે આ અભિનેત્રીએ દક્ષિણ સિનેમાથી લઈને બોલિવૂડ સુધી પોતાના અભિનયનો જાદુ પાથર્યો છે. જ્યારે પણ અભિનેત્રી રકુલ પ્રીત સિંહ સ્ક્રીન પર આવે છે.

# અમેરિકામાં RSS પર પ્રતિબંધ મૂકવાની માગ

## મોહન ભાગવતની મુલાકાત પહેલાં US ધાર્મિક સ્વતંત્રતા આયોગે કહ્યું- સંઘના નેતાઓને સન્માન ન મળે

વૉશિંગ્ટન

અમેરિકામાં RSS પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી રહી છે. આ માંગ બુધવારે અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પર સલાહ આપતા આયોગ એટલે કે USCIRF દ્વારા કરવામાં આવી છે. USCIRFના અધિકારીઓએ અમેરિકી સરકારને RSS નેતાઓને રાજદ્વારી સન્માન ન આપવા અને તેમની સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો ન કરવા જણાવ્યું છે. આયોગના ચેરમેન આસિફ મહેમૂદે કહ્યું કે પીએમ મોદી RSSના સભ્ય છે અને RSSના સહયોગી સંગઠનોએ ધાર્મિક લઘુમતીઓ પર હુમલા કર્યા છે. મહેમૂદનું આ નિવેદન RSS પ્રમુખ



મોહન ભાગવતના અમેરિકા પ્રવાસના થોડા દિવસો પહેલા આવ્યું છે. ભાગવત 29 ઓગસ્ટે ન્યૂયોર્કમાં અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ (AHEAD) દ્વારા આયોજિત 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન્સ'માં ભાગ લેવાના છે. USCIRF કમિશનર જીન મિલ્સે કહ્યું કે RSS નેતાઓ ભલે ભારતીય સરકાર સાથે જોડાયેલા હોય, તેમ છતાં તેમને ઉચ્ચ સ્તરીય બેઠકો કે રાજદ્વારી સન્માનના હકદાર ન માનવા જોઈએ. મિલ્સે કહ્યું કે તેના બદલે અમેરિકી સરકારે ધાર્મિક આસ્થાની સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે જવાબદાર ઠરેલા RSS સભ્યો પર પ્રતિબંધ લગાવવા પર ધ્યાન આપવું જોઈએ.

## ભ્રૂણ લિંગ પરીક્ષણના કેસોની તપાસ પોલીસ નહીં કરે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ભ્રૂણ લિંગ પરીક્ષણ-PCPNDT એક્ટ હેઠળ નોંધાયેલા કેસોની તપાસ પોલીસ કરી શકતી નથી. કોર્ટે કહ્યું કે આવા કિસ્સાઓમાં કાયદા હેઠળ નિયુક્ત અધિકારીઓ જ કાર્યવાહી કરશે. પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રી-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક્સ (PCPNDT) એક્ટનો હેતુ ભ્રૂણનું લિંગ જાણવા માટે પ્રસુતિ પહેલાં કરવામાં આવતી તપાસ ટેક્નીકોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો છે. આ નિર્ણય જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે સંભળાવ્યો હતો. કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે PCPNDT એક્ટ સંબંધિત કેસો ટેકનીકલી હોય છે. તેમાં તબીબી જાણકારી અને સંવેદનશીલતાની જરૂર પડી શકે છે. બેન્ચે કહ્યું કે, આ એક્ટ હેઠળ તપાસ કરવાની જવાબદારી પોલીસની નથી. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કાયદા મુજબ પોલીસ માત્ર સહાયક તરીકે મદદ કરશે.

# સરકાર બેકફૂટ પર, આપણે આક્રમક રહેવું જોઈએ: રાહુલ

## એકતા આપણી પાર્ટીની તાકાત છે, TMCને જુઓ કેવી રીતે વિખેરાઈ ગઈ

નવી દિલ્હી



રાહુલ ગાંધીએ કોંગ્રેસના નેતાઓને કહ્યું કે મોદી સરકાર બેકફૂટ પર છે. આપણે તેની સામે વધુ આક્રમક વલણ અપનાવવું જોઈએ. તેમણે કહ્યું, 'એકતા આપણી પાર્ટીની તાકાત છે, TMC જુઓ કેવી રીતે વિખેરાઈ ગઈ. નરેન્દ્ર મોદીનું શાસન અંતિમ તબક્કામાં છે અને તેમના ઉત્તરાધિકારીની શોધ ચાલી રહી છે.' ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટ અનુસાર, રાહુલે આ વાતો નવી દિલ્હીના ઈન્દિરા ભવનમાં કોંગ્રેસ વર્કિંગ કમિટી એટલે કે CWCની બેઠકમાં કહી. જેમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત 88 નેતાઓ સામેલ થયા. CWCની આ બેઠક સંસદ સત્ર સમાપ્ત થયા પછી પ્રથમ વખત યોજાઈ હતી. તેમાં દેશની રાજકીય સ્થિતિ સાથે યુવાનોનું ભવિષ્ય, રામ મંદિર ટ્રસ્ટના દાનની જવાબદેહી અને ભારતીય સરહદ પર ચીનની કથિત ઘૂસણખોરી જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ. 1. મોદી સરકાર અને 2029નું રાજકારણ: રાહુલ ગાંધીએ દાવો કર્યો કે નરેન્દ્ર મોદીનું શાસન "અંતિમ તબક્કામાં" છે અને તેમના ઉત્તરાધિકારીની શોધ ચાલી રહી છે. તેમણે કોંગ્રેસના નેતાઓને સરકાર વિરુદ્ધ વધુ આક્રમક વલણ અપનાવવા જણાવ્યું.

## NEWS TRACK

### 'આતંકીઓની ઢાલ બનવાનું બંધ કરો': UNSCમાં ભારતે ચીન-પાકિસ્તાનની બેવડી નીતિ પર કર્યા આકરા પ્રહાર

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં ભારતે એક વાર ફરી પાકિસ્તાન અને ચીનને કડક શબ્દોમાં સ્પષ્ટ સંકેત આપ્યો છે કે બંને દેશો આતંકવાદીઓની ઢાલ બનવાનું બંધ કરે. ભારતે ભારપૂર્વક જણાવ્યું કે સંયુક્ત રાષ્ટ્રને પોતાના સંકીર્ણ રાજકીય સ્વાર્થ સાધવાનું મંચ ન બનાવવું જોઈએ અને આતંકવાદીઓની ગ્લોબલ લિસ્ટિંગ પ્રક્રિયામાં રાજકીય હસ્તક્ષેપ બિલકુલ સહન કરવામાં આવશે નહીં. સુરક્ષા પરિષદની કાર્યપ્રણાલી પર આયોજિત એક મહત્વપૂર્ણ ચર્ચા દરમિયાન સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ યોજના પટેલે કોઈ દેશનું નામ લીધા વિના પાકિસ્તાન અને ચીન પર પરોક્ષ પ્રહારો કર્યા હતા. ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે કોઈપણ આતંકવાદીને પ્રતિબંધિત યાદીમાં ઉમેરવાની કે તેમાંથી હટાવવાની પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને નિષ્પક્ષતા હોવી અત્યંત જરૂરી છે. તેમણે આતંકવાદ અને પ્રતિબંધો સાથે જોડાયેલા મામલાઓ જોતી સહાયક સમિતિઓની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. પરિષદના આંતરિક મતભેદોના કારણે આ કમિટીઓના અધ્યક્ષોની નિમણૂક અટકેલી છે.

### અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવું વધુ મુશ્કેલ : 18 સપ્ટેમ્બરથી નવા નિયમ, ભારતીયોને મોટો ઝટકો

ટ્રમ્પ તંત્રે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પછી હવે કાયદેસર રીતે રહેનારા ઈમિગ્રન્ટ્સ અને તેમા પણ ગ્રીન કાર્ડધારકોની સ્થિતિ વધુને વધુ મુશ્કેલ બનાવી રહ્યુ છે. આ મુશ્કેલીમાં વધારો કરતો વધુ એક નિયમ ૧૮મી સપ્ટેમ્બરથી અમલમાં આવશે. આ નિયમમાં ટ્રમ્પ તંત્રએ પબ્લિક ચાર્જની વ્યાખ્યા વિસ્તારી છે. તેના પગલે મેડિકેઈડ, ફૂડ સ્ટેમ્પ, રોકડ સહાય કે બીજી કોઈપણ પ્રકારની સરકારી સહાયતા કે ફાયદા મેળવનારાઓની ગ્રીન કાર્ડની અરજી પબ્લિક ચાર્જ હેઠળ નકારવામાં આવી શકે છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝ (યુએસસીઆઈએસ) નો નવો નિયમ ૧૮મી સપ્ટેમ્બરથી અમલમાં આવશે અને તે સીધો ભારતીય ગ્રીન કાર્ડધારકોને ફટકો મારશે. અગાઉના નિયમમાં ફક્ત બે પ્રકારના જ જાહેર ફાયદાના માપદંડના આધારે ગ્રીન કાર્ડની અરજી નકારવામાં આવતી હતી. તેમા આવક જાળવવા રોકડ સહાય અને સરકારી ખર્ચે લાંબા સમયગાળા સુધી સંસ્થાકીયકરણના આધારે ગ્રીન કાર્ડની અરજી નકારી કાઢી હતી.

## ભાવનગર લઠ્ઠાકાંડની હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં SIT તપાસ કરાવવામાં આવે

# ગુજરાતમાં દારૂબંધીનો કાયદા માત્ર કાગળ પર, ગૃહમંત્રી રાજીનામું આપે: કોંગ્રેસ

## ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર, ભાજપ સરકારની હપ્તાખોરીના કારણે ગુજરાતમાં દારૂ-ડ્રગ્સની રેલમછેલ: અમિત ચાવડા

અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે જણાવ્યું હતું કે, ગુજરાત વર્ષોથી શાંતિપ્રિય ગુજરાત તરીકે સમગ્ર દેશમાં ઓળખાય છે અને ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કાયદાએ પણ આ શાંતિ જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકારની હપ્તાખોરીની નીતિના કારણે આજે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર રહી ગયો છે. રોજ જાહેરમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડતા બનાવો સામે આવી રહ્યા છે અને ગુજરાતની જનતા તેનો ભોગ બની રહી છે.



ભાજપ સરકારની હપ્તાખોરીના કારણે ગુજરાતની સરહદો પરથી ટ્રકો અને કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં ઠલવાય છે અને રાજ્યની ગલીએ-ગલીએ દારૂની રેલમછેલ જોવા મળે છે. નાની ઉંમરે યુવાનો દારૂ અને ડ્રગ્સના નશામાં સપડાઈને પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે, અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે અને આપણી બહેન-દીકરીઓ નાની ઉંમરે વિધવા થઈ રહી છે. દારૂ અને ડ્રગ્સની બદીના કારણે જાણે ગુજરાત 'ઉડતા ગુજરાત' બની ગયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આજે સામાન્ય લોકોમાં પણ સવાલ છે કે ગુજરાતમાં દારૂ આટલી મોટી માત્રામાં આવે છે અને વેચાય છે કેમ? કારણ કે બૂટલેગરો દારૂ અને ડ્રગ્સનો હપ્તો પોલીસ સ્ટેશનથી શરૂ કરીને મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કાર્યાલય સુધી પહોંચાડે છે અને તેથી જ તેઓ કોઈનો વાળ વાંકો ન કરી શકે તેવી જાહેરમાં શેખી મારતા હોય છે.

**તમે માત્ર ખેલ મંત્રી નહીં, ગૃહમંત્રી પણ છો; કાયદો વ્યવસ્થા અને દારૂબંધીની નિષ્ફળતા બદલ તાત્કાલિક રાજીનામું આપો: અમિત ચાવડા**

આ હપ્તાખોર સરકારના શાસનમાં દારૂ વેચાય છે, દારૂ પીવાય છે અને વારંવાર લઠ્ઠાકાંડ પણ થાય છે. સરકારની ગુનાહિત બેદરકારીના કારણે લઠ્ઠાકાંડમાં અનેક નિર્દોષ લોકોના મોત થાય છે. આ હત્યાકાંડ માટે પણ રાજ્ય સરકાર જવાબદાર છે. ભાવનગરનો હાલનો દુઃખદ બનાવ કોઈ પહેલો બનાવ નથી. ભાજપના શાસનમાં વર્ષોથી લઠ્ઠાકાંડની ઘટનાઓ બની રહી છે. વર્ષ 2009માં અમદાવાદમાં લઠ્ઠાકાંડમાં 140થી વધુ લોકોનાં મોત થયા હતા અને આશરે 200 લોકોની આંખોની રોશની જતી રહી હતી. વર્ષ 2016માં સુરતમાં લઠ્ઠાકાંડમાં 16થી વધુ લોકોનાં મોત થયા હતા. વર્ષ 2022માં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને બોટાદમાં બનેલા લઠ્ઠાકાંડમાં 50 લોકોનાં મોત થયા હતા. વર્ષ 2024માં ગાંધીનગરના દેહગામમાં બનેલા લઠ્ઠાકાંડમાં બે લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા. વર્ષ 2025માં ખેડાના નડિયાદમાં લઠ્ઠાકાંડમાં ત્રણ લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો અસરગ્રસ્ત થયા હતા. વર્ષોથી આવી ઘટનાઓ બનતી હોવા છતાં સરકાર કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહી છે. આ પરંપરા પાછળનું મુખ્ય કારણ ભાજપ સરકારમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને હપ્તાખોરી છે. જો સરકાર દારૂ અને ડ્રગ્સમાંથી હપ્તા લેવાનું બંધ કરીને દારૂબંધીના કાયદાનો ઈમાનદારીપૂર્વક અમલ કરાવે તો ગુજરાતમાં એક ટીપું પણ દારૂ ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. પરંતુ પૈસા કમાવાની લાલસા અને હપ્તાખોરીના કારણે સરકાર દારૂના ગેરકાયદેસર નેટવર્ક સામે કડક કાર્યવાહી કરતી નથી. ભાવનગર જિલ્લાના કરકડી ગામે બનેલા તાજેતરના લઠ્ઠાકાંડ અંગે પોલીસની FIRમાં ઝેરી કેમિકલયુક્ત લઠ્ઠાના કારણે લોકોનાં મોત થયાની વિગતો નોંધવામાં આવી છે. આ બનાવમાં આશરે છ લોકોનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે અને અનેક લોકો હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. FIRમાં નોંધાયેલી વિગતો મુજબ ડુપ્લિકેટ દારૂ બનાવવા માટે મિથેનોલ અમદાવાદના સરખેજથી ટ્રાન્સપોર્ટ મારફતે ભાવનગર સુધી લઈ જવામાં આવ્યું હતું.

## લઠ્ઠાકાંડની તપાસ માટે કોંગ્રેસના નેતાઓ ગ્રાઉન્ડ ઝીરો ભાવનગર જશે

### શક્તિસિંહ ગોહિલ અને અમિત ચાવડા તથા ડૉ.મનિષ દોશી સહિતના કોંગ્રેસના નેતાઓએ ગુજરાત સરકારને ઘેરી

ભાવનગરમાં બનેલા લઠ્ઠાકાંડને પગલે રાજ્ય સરકાર અને ખાસ કરીને ગૃહવિભાગની કામગીરી સામે જનતામાં આક્રોશની લાગણી વધી રહી છે. ત્યારે વિપક્ષ કોંગ્રેસે પણ દારૂબંધીવાળા રાજ્યમાં તાજેતરમાં બનેલા લઠ્ઠાકાંડ મામલે સરકારને ચારેબાજુથી ઘેરી છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ગુજરાતની ભૂપેન્દ્ર પટેલની સરકાર સામે આકરા શાબ્દિક પ્રહાર કરીને દારૂબંધીવાળા રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ થાય છે તેવા દાવા સામે સવાલ ઉઠાવ્યો છે. આજે ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને ખાસ કરીને શક્તિસિંહ ગોહિલે રાજ્ય સરકાર સામે ગંભીર આક્ષેપ કરીને ભાવનગરના લઠ્ઠાકાંડ મામલે જણાવ્યું હતું કે ભાજપના ઉચ્ચ સત્તાધીશ થઈ બેઠેલામાંથી કોઈ કેમ નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું નથી આપતા? દરમિયાન, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે ભાવનગરમાં ઝેરી દારૂના કારણે અનેક લોકોના મૃત્યુ થયા છે. તેમણે આ મામલે મૃત્યુ આંક વધી શકે છે તેવી આશંકા પણ વ્યક્ત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે ઝેરી દારીની 250 બોટલ વેચાઈ હોવાનું જાણવા મળે છે. કોંગ્રેસના નેતાઓએ દાવો કર્યો હતો કે લઠ્ઠાકાંડન



કારણે પ્રથમ મૃત્યુ સમયે જ રાજ્ય સરકાર અને ખાસ કરીને ગૃહવિભાગે બેદરકારી દાખવી હતી અને PM કર્યા વગર મૃતદેહ ઉજ્જૈન જવા દીધો હતો. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ કરેલા દાવા અનુસાર ઝેરી દારૂથી કેટલાક દ્રષ્ટિ ગુમાવી અંધ બન્યા છે અને બીજેપીના નેતાઓ હપ્તા લઈ ગુંડાઓને છુટ્ટો દોર આપે છે ત્યારે બીજેપીના ઉચ્ચ સત્તાધીશ થઈ બેઠેલામાંથી કોઈ કેમ નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું નથી આપતા ? તેવો સવાલ પણ કર્યો હતો. દરમિયાન, ગુજરાત કોંગ્રેસ પક્ષની પાંચ વ્યક્તિઓનું પંચ ભાવનગર જઈ સ્થળ તપાસ કરીને અહેવાલ રજૂ કરશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સ્ટેન્ડિંગ ચેરમેન કમલેશ પટેલે કહ્યું, માહિતી માટે સૂચના આપવામાં આવી છે

# AMC તંત્ર પાસે સ્ટ્રીટલાઇટ પોલનો ડેટા ઉપલબ્ધ નથી



- શિડ્યુલ ઓફ મેઇન્ટેનેન્સનાં આધારે શહેરની તમામ સ્ટ્રીટ લાઇટ બદલવાની વિચારણા
- ફરિયાદની રાહ જોયા વિના તબક્કાવાર લાઇટનો પ્રકાશ ઓછો થાય તે પહેલા ઓટો-મોડ સિસ્ટમથી આયોજનબદ્ધ રીતે લાઇટ બદલાશે

અમદાવાદ

સ્ટેન્ડિંગ કમિટીની આજે મળેલી બેઠકમાં શહેરના વિવિધ વિકાસલક્ષી કામો તેમજ મહાનગરપાલિકાને લગતા મહત્વના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી હતી કે AMC તંત્ર પાસે સ્ટ્રીટલાઇટ પોલનો ડેટા જ નથી અને સ્ટેન્ડિંગ ચેરમેન કમલેશ પટેલે કહ્યું, સ્ટ્રીટ લાઇટના પોલ માટેની માહિતી એકત્ર કરવા માટે સૂચના આપવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, કોર્પોરેશનના હોલના બુકિંગ અંગેનો મુદ્દો સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ આવ્યો હતો. હાલમાં લગ્નના હેતુથી કોર્પોરેશનનો હોલ બુક કરાવવા જતા નાગરિકો પાસેથી વર-વધૂના આધાર કાર્ડ, વર-વધૂના માતા-પિતાના આધાર કાર્ડ ઉપરાંત લગ્નની આમંત્રણ પત્રિકા પણ માંગવામાં આવતી હતી, જેના કારણે બુકિંગમાં મુશ્કેલી ઊભી થતી હતી. આ અંગે આજની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સૂચના આપવામાં આવી છે કે હોલના બુકિંગ સમયે લગ્નની આમંત્રણ પત્રિકા માંગવામાં ન આવે. માત્ર વર-વધૂ તથા તેમના માતા-પિતાના આધાર કાર્ડના આધારે લગ્ન માટે હોલનું બુકિંગ કરી આપવામાં આવે.

વધુમાં ચેરમેનએ જણાવ્યું હતું કે, વર્ષ 2018માં કોર્પોરેશનના હોલમાં લગ્ન સહિતના પ્રસંગો માટે ખાનગી ડેકોરેશન કોન્ટ્રાક્ટરોને કામગીરી સોંપવામાં આવતી હતી. આ કોન્ટ્રાક્ટરો હોલની સારસંભાળ, સુરક્ષા, મેઇન્ટેનન્સ, વીજળી સહિતના ખર્ચની જવાબદારી સંભાળતા હતા અને તેના બદલામાં હોલમાં યોજાતા પ્રસંગોનું ડેકોરેશન કરતા હતા. આ વ્યવસ્થાથી કોર્પોરેશનને આશરે વાર્ષિક રૂ. 10 કરોડની આવક થતી હતી.

હાલમાં કોર્પોરેશનના હોલ અને પાર્ટી પ્લોટના સિક્યોરિટી, લાઇટ, ઇજનેર અને સફાઈ સહિતની વિવિધ કામગીરી પાછળ આશરે વાર્ષિક રૂ. 40 કરોડનો ખર્ચ થાય છે. વર્ષ 2018થી અગાઉની ડેકોરેશન કોન્ટ્રાક્ટની વ્યવસ્થા બંધ કરવામાં આવી હતી. હવે કોર્પોરેશન અને જાહેર જનતા બંનેને લાભ થાય તે હેતુથી હોલ અને પાર્ટી પ્લોટના ડેકોરેશન માટે નવી પોલિસી લાવવાની વિચારણા કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ત્રણ પ્રકારના પેકેજ તૈયાર કરવામાં આવશે. ડેકોરેશનની કામગીરી માટે કોન્ટ્રાક્ટરો પાસેથી પ્રારંભિક માહિતી મંગાવવામાં આવી છે.

શહેરની સ્ટ્રીટ લાઇટ અંગે ચેરમેનએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં આશરે 2.10 લાખ સ્ટ્રીટ લાઇટ્સ લગાવવામાં આવી છે. હાલમાં ઘણી સ્ટ્રીટ લાઇટ્સ ધીમી અથવા પીળી પડી જતી હોવા છતાં ફરિયાદ મળ્યા બાદ જ તેને બદલવાની કામગીરી કરવામાં આવે છે. આ વ્યવસ્થામાં સુધારો લાવવા માટે શહેરમાં કેટલા સ્ટ્રીટ લાઇટના પોલ છે, તે ક્યારે લગાવવામાં આવ્યા છે અને તેમની આયુષ્ય અવધિ કેટલી છે તેની વિગતો અને માહિતી એકત્રિત કરવા સૂચના આપવામાં આવી છે.

આ ઉપરાંત આગામી વર્ષમાં શિડ્યુલ ઓફ મેઇન્ટેનેન્સનાં આધારે શહેરની તમામ સ્ટ્રીટ લાઇટ્સ તબક્કાવાર બદલવાની દિશામાં આનુસંગિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલી છે. સ્ટ્રીટ લાઇટ અંગે ફરિયાદ આવે તેની રાહ જોયા વગર લાઇટનો પ્રકાશ ઓછો થાય તે પહેલા જરૂરી લાઇટ્સને સમયસર બદલવા માટે ઓટો-મોડ સિસ્ટમ વિકસાવવાની શક્યતા અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

## રાજકોટ મનપાની સામાન્ય સભા પહેલા વિપક્ષનો હોબાળો : નેતાઓની ટીંગાટોળી કરી અટકાયત કરાઇ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ યોજાઇ રહ્યું છે. જોકે બોર્ડની કામગીરી શરૂ થાય તે પૂર્વે જ મનપાના પટાંગણમાં શહેર કોંગ્રેસ દ્વારા વિવિધ મુદ્દાઓને લઈને ભારે ધમાસાણ અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બાદમાં કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓએ બેનરો સાથે સૂત્રોચ્ચાર કરી મેયર ઓફિસનો ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. અને ઓફીસ બહાર બેસી ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરાયા હતા. જોકે રાજકોટ કોંગ્રેસના અનેક મોટા નેતાઓ જેવા કે મહેશ રાજપૂત, હેમાંગ વસાવડા સહિતનાં આ વિરોધ પ્રદર્શનમાં ડોકાયા નહોતા. મેયરની કચેરી બહાર સૂત્રોચ્ચાર કરવામાં આવતા પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે સ્થળ પર મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ભારે ઘર્ષણ અને આક્ષેપબાજીના દ્રશ્યો સર્જાયા હતા. સ્થિતિ વધુ વણસતાં પોલીસે કોંગ્રેસના આગેવાનોની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી.

કોંગ્રેસના પૂર્વ વિપક્ષ નેતા વશરામ સાગઠિયાએ આ તકે જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા 1.5 મહિના પહેલાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ SITની રચના કરવાની મોટા ઉપાડે વાતો કરવામાં આવી હતી.

## હિંમતનગરમાં ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ: ડો. હર્ષ પંડ્યાના મૃત્યુ કેસમાં ન્યાયની માંગ સાથે શ્રદ્ધાંજલિ

હિંમતનગર

હિંમતનગરમાં ગુરુવારે સાબરકાંઠા જિલ્લા ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા કેન્ડલ માર્ચ યોજી સુરતના રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાના મૃત્યુ કેસમાં ન્યાયની માંગ કરવામાં આવી હતી. આ માર્ચમાં સમાજના અગ્રણીઓ, મહિલાઓ અને યુવકો મોટી સંખ્યામાં જોડાયા હતા. હિંમતનગરની જૂની સિવિલ હોસ્પિટલ પાસે આવેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર સર્કલ ખાતે લોકો એકઠા થયા હતા. અહીં મીણબત્તીઓ પ્રગટાવી ડો. હર્ષ પંડ્યાને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત લોકોએ સૂત્રોચ્ચાર કરીને સમગ્ર મામલે યોગ્ય તપાસ અને ન્યાયની માંગ કરી હતી.

સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, ડો. હર્ષ પંડ્યાના અવસાનની ઘટનામાં જવાબદારો સામે કડક કાર્યવાહી થાય અને તેમના પરિવારને ન્યાય મળે તે જરૂરી છે. ગુજરાતભરમાં ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા આવા કાર્યક્રમો યોજીને ન્યાયની માંગ કરવામાં આવી રહી છે. કેન્ડલ માર્ચના અંતે, સૌએ સર્કલ ખાતે મીણબત્તીઓ મૂકી ડો. હર્ષ પંડ્યાને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## વલસાડ ACBએ લાંચ કેસમાં બે આરોપીને ઝડપ્યા: એકને કોર્ટ કસ્ટડી, મહિલાને એક દિવસના રિમાન્ડ

વલસાડ

વલસાડ ACB એ લાંચના કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓમાં સરોસ બહેરામ ઈરાની અને ધર્મિષ્ઠાબેન ઉમેશચંદ્ર પટેલનો સમાવેશ થાય છે. બંનેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

કોર્ટે સરોસ બહેરામ ઈરાનીને કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે, જ્યારે મહિલા આરોપી ધર્મિષ્ઠાબેન પટેલના એક દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

આ કેસ વલસાડ ACBમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ નોંધાયો હતો. પાટડીના ઉદવાડા ગામના રહેવાસી આ બંને આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 7(a), 12, 13(1)(a) અને 13(2) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ACB દ્વારા બંને આરોપીઓની 20 ઓગસ્ટ 2026ના રોજ સવારે 11 વાગ્યે ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને રિમાન્ડ માટે નામદાર કોર્ટમાં રજૂ કરાયા હતા. ધર્મિષ્ઠાબેન પટેલના રિમાન્ડ 21 ઓગસ્ટ 2026ના રોજ સાંજે 4 વાગ્યા સુધીના છે. ACB હવે રિમાન્ડ દરમિયાન ગુના સંબંધિત વધુ વિગતો મેળવવા માટે તપાસ હાથ ધરશે.

## અણીદ્રામાં ગેરકાયદેસર ડીઝલ વેચાણ કરતું મીની બ્રાઉઝર ઝડપાયું: પરવાના વિના વેચાણ થતા કાર્યવાહી

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના અણીદ્રા ગામે 'સત્યમ પેટ્રોલિયમ' (BPCL) ખાતેથી ગેરકાયદેસર ડીઝલ વેચાણ કરતું એક મીની બ્રાઉઝર ઝડપાયું છે. જિલ્લા પુરવઠા વિભાગે આકસ્મિક તપાસ દરમિયાન આ કાર્યવાહી કરી હતી. જિલ્લા પુરવઠા અધિકારી એ.જી. ગજ્જર અને તેમની ટીમે આ તપાસ હાથ ધરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે આ મોબાઈલ બ્રાઉઝરનો ઉપયોગ નિયમોનું ઉલ્લંઘન કરીને આસપાસના ગામડાઓમાં ડીઝલ વેચવા માટે થતો હતો. આ મોબાઈલ બ્રાઉઝર ડિસ્પેન્સિંગ યુનિટ માટે સંબંધિત તંત્ર પાસેથી કોઈ પરવાના, PESO લાઈસન્સ, સ્ટેમ્પિંગ કે કેલિબ્રેશન મેળવવામાં આવ્યા ન હતા. કોઈપણ માન્ય મંજૂરી વિના ગેરકાયદેસર રીતે ડીઝલનું વેચાણ થઈ રહ્યું હતું. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ બદલ પુરવઠા ટીમે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરી. જેમાં મીની બ્રાઉઝર અને તેની સાથે જોડાયેલ ડિસ્પેન્સિંગ યુનિટની અંદાજિત કિંમત રૂ. 12,00,000 તથા તેમાં રહેલા આશરે 900 લિટર ડીઝલની કિંમત રૂ. 88,920 મળી, કુલ રૂ. 12,88,920નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા ગેરકાયદેસર પેટ્રોલિયમ પદાર્થોના વેચાણ અને સંગ્રહ સામે નિયમોનુસારની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે. પેટ્રોલિયમ પદાર્થોના વેચાણમાં જરૂરી પરવાના, લાઈસન્સ અને માપ-તોલ સંબંધિત મંજૂરીઓનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા તંત્ર દ્વારા સતત તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## હજારો લિટર પાણીનો બગાડ, લાલજીનગરના રસ્તા પર ભરાયું પાણી

# સાધલીમાં પાણી પુરવઠાની પાઇપલાઇન તૂટી

સાધલી, હસમુખ પટેલ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા સાધલી મુકામે ભૂગર્ભ સંપમાં પાણી પહોંચાડવા બનાવેલ પાઈપલાઈન તૂટી જતાં હજારો લિટર પાણીનો વેડફાટ થયો છે, અને લાલજી નગરના રહેણાંક વિસ્તારમાં રોડ પર પાણી ફરી વળ્યા હતા, જોકે તંત્રને દ્વારા જાણ થતાં પાણી પુરવઠો બંધ કરી અને મરામત હાથ ધરેલ છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સિલ્વર ચુથ પાણી પુરવઠા યોજના સાધલી મુખ્ય હેડ વર્કસ આવેલ છે , જ્યાંથી 41 ગામો અને બે નર્મદા વસાહત માં પાણી પૂરું પાડવામાં આવે છે. સાધલી કુકસ રોડ પર આવેલ આ કચેરીમાંથી ટેલીફોન એક્સચેન્જ ની બાજુમાં બનાવેલ વિશાળ ભૂગર્ભ સંપમાં પાઈપલાઈન દ્વારા પ્રેશરથી પાણી ભરવામાં આવે છે. આ પાઈપલાઈન સાધલી કુકસના મેઈન રોડ ઉપર આવેલ છે અને ત્યાં વાહનોની





અવરજવર કાયમ રહે છે. જેના કારણે લાલજી નગર પાસે કોઈ વાહન આની ઉપરથી પસાર થતાં આ પાઈપ લાઈન તૂટી ગઈ હતી અને સંપમાં ભરવા છોડેલ પાણીના કારણે તૂટેલી પાઈપલાઈન ના કારણે લાલજી નગરમાં પાણી- પાણી થઈ ગયું હતું અને હજારો લિટર પાણી નો બગાડ થયો હતો. આજે તારીખ 20 સવારે પાણી પુરવઠા તંત્રને જાણ થતા તાત્કાલિક પાણીનો પ્રવાહ બંધ કર્યો હતો અને તૂટેલી પાઈપલાઈન રીપેર કરવાની કામગીરી યુદ્ધ ના ધોરણે શરૂ કરેલ હતી. જે પ્રશંશાને પાત્ર છે. સાધલી મુકામેથી પાણી પુરવઠા બોર્ડ દ્વારા ટીંબરવા ગામે પાણી પૂરું પાડવા માટે પાઈપલાઈન નાખેલ છે, જે સાધલી સ્મશાન પાસેથી પસાર થાય છે ,પરંતુ ગમે તે કારણસર આ પાઈપલાઈન લીકેજ થઈ હોય કે વાલ બગડ્યો હોય, પાણીનો પ્રવાહ ત્યાંથી સતત નીકળી ને નજીકની તલાવડીમાં વહી જાય છે, આ કામગીરી પણ તંત્ર દ્વારા વહેલામાં વહેલી તકે કરવામાં આવે અને પાણીમાં બગાડ અટકે તે જરૂરી છે.

## શહેરા પોલીસે અમદાવાદથી આરોપી 'કોલર'ની કરી અટકાયત, બે વોન્ટેડ

શહેરા

પંચમહાલ જિલ્લાના શહેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિવૃત્ત શિક્ષક સાથે થયેલી લાખો રૂપિયાની લોન ફ્રોડની ઘટનામાં શહેરા પોલીસને મોટી સફળતા સાંપડી છે. પંચમહાલ-ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી (IPS) તથા પંચમહાલ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી ડો. હરેશભાઈ દુધાત (IPS)ની સૂચના મુજબ નાયબ પોલીસ અધીક્ષક બ્રિન્દા જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસે કાર્યવાહી કરી આરોપીની અટકાયત કરી છે.




શહેરા તાલુકાના ગુણેલી ગામના નિવૃત્ત શિક્ષક ચંદ્રસિંહ રણજીતસિંહ જાદવને ૧૦ લાખની લોનની જરૂરિયાત હોય, આરોપીઓએ તેમને લોન આપવાનો વિશ્વાસ આપી ડોક્યુમેન્ટ મેળવ્યા હતા. ત્યારબાદ લોન ચાર્જ પેટે ૧,૧૭,૦૦૦/- તેલંગાણા રાજ્યના મધાપુર સ્થિત એક્સિસ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હતી.

## ખેડૂત હિતમાં રાત-દિવસ કામ કરનાર ઓપરેટરોની રકમ અટવાઈ

# કૃષિ સહાયના ફોર્મ ભર્યાને એક વર્ષ છતાં VCEને મહેનતાણું નહીં

### કૃષિ સહાય માટે હજારો ફોર્મ ભરવાની કામગીરી કરાવ્યા બાદ પણ વર્ષથી ચુકવણી ન થતાં VCEઓમાં રોષ; તાત્કાલિક બાકી રકમ ચૂકવવા રજૂઆત

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

ગ્રામ પંચાયતોમાં વગર પગારે સરકારી કામગીરી બજાવતા ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક (ઓપરેટર) એટલે કે વી.સી.ઈ. દ્વારા વર્ષ ૨૦૨૫ના કૃષિ રાહત પેકેજ અંતર્ગત ખેડૂતોની પાક નુકસાની સહાય માટે કરવામાં આવેલી ઓનલાઈન કામગીરીનું મહેનતાણું એક વર્ષ વીતી જવા છતાં ચૂકવવામાં આવ્યું નથી.

આ અંગે પોરબંદર જિલ્લા ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક (ઓપરેટર) મંડળના પ્રમુખ મનોજભાઈ મોકરિયાએ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા ખેતીવાડી અધિકારીને પત્ર પાઠવી મહેનતાણું ચૂકવવાની માંગ કરી છે. મંડળના પ્રમુખ મનોજભાઈ મોકરિયાએ પત્રમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૫ની ખરીફ ઋતુ દરમિયાન ઓક્ટોબર માસમાં થયેલા કમોસમી વરસાદના કારણે સર્જાયેલી અસાધારણ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રાજ્ય સરકાર દ્વારા એસડીઆરએફ તથા રાજ્ય બજેટમાંથી રાજ્યના ૩૩ જિલ્લાઓના ૨૫૧ તાલુકાઓના નુકસાનગ્રસ્ત વિસ્તારો માટે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ખરીફ-૨૦૨૫માં વાવેતર કરાયેલા પાકમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂતોને નિર્ધારિત ધોરણે સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ સહાય મેળવવા ખેડૂતો માટે ઓનલાઈન અરજી કરવી ફરજિયાત બનાવવામાં આવી હતી અને સંબંધિત ગ્રામ પંચાયતના વી.સી.ઈ. મારફતે જ ઓનલાઈન અરજી કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

અરજી માટે માત્ર ૧૫ દિવસની સમયમર્યાદા હોવાથી મોટી સંખ્યામાં ખેડૂતો સહાયથી વંચિત રહી જાય તેવી સ્થિતિ ઊભી થઈ હતી. આ પડકારજનક સ્થિતિમાં તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૫થી KRP પોર્ટલ પર પાક નુકસાની સહાય માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ખેડૂતોને સમયસર સહાય મળી રહે તે માટે વી.સી.ઈ.ઓએ નિયમિત ઓફિસ સમય ઉપરાંત વધારાના ૫થી ૧૦ કલાક સુધી કામગીરી કરી દિવસ-રાત મહેનત કરી હતી અને કોઈ ખેડૂત ઓનલાઈન અરજીથી વંચિત ન રહે તે માટે કામગીરી પૂર્ણ કરી હતી.

# શેત્રુંજય પર્વત પર યાત્રાળુઓની સુરક્ષા માટે વન વિભાગનો એક્શન પ્લાન

### ડ્રોનથી 24 કલાક મોનિટરિંગ, 4 પ્રી-ફેબ્રિકેટેડ વોચ ટાવર અને સાયલન્ટ ઝોનનું આયોજન

ગાંધીનગર

પાલીતાણાના પવિત્ર યાત્રાધામ શેત્રુંજય પર્વત પર છેલ્લા કેટલાક સમયથી એશિયાટિક સિંહોની સતત મૂવમેન્ટ જોવા મળી રહી છે. આ સ્થિતિ વચ્ચે લાખો જૈન યાત્રાળુઓની સુરક્ષા તેમજ વન્યજીવોના સંરક્ષણને સુનિશ્ચિત કરવા વન વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. ગાંધીનગર ખાતે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં આનંદજી કલ્યાણજી પેઢીના જૈન અગ્રણીઓ અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં પર્વત પર હાઈટેક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાનો નિર્ણય લેવાયો છે.



બેઠકમાં લેવાયેલા નિર્ણયો મુજબ, શેત્રુંજય પર્વત પર યાત્રાળુઓની સલામતી માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. સિંહોની ગતિવિધિઓ પર સતત નજર રાખવા માટે ડ્રોન કેમેરા દ્વારા ૨૪ કલાક સ્કેનિંગ અને રિયલ-ટાઈમ ટ્રેકિંગ કરાશે. પર્વત વિસ્તારમાં 4 પ્રી-ફેબ્રિકેટેડ વોચ ટાવર અને 4 સેન્ટર કમ કેબિન ઊભા કરવામાં આવશે. ટ્રેકિંગ અને સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવા સ્થાનિક યુવાનોની હંગામી ધોરણે ભરતી કરવામાં આવશે. વન વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષથી શેત્રુંજય વિસ્તારમાં સિંહોની હાજરીનું ઝીણવટભર્યું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. સિંહ સામાન્ય રીતે મનુષ્યો પર સીધો હુમલો કરતો નથી, પરંતુ તેને છંછેડવામાં આવે કે રંજાડવામાં આવે ત્યારે જોખમ ઊભું થાય છે. વન્યજીવો અને યાત્રાળુઓ બંનેની સુરક્ષાના હિતમાં ભક્તો સૂર્યોદય બાદ યાત્રા શરૂ કરે અને સૂર્યાસ્ત પહેલાં પર્વત પરથી પરત ફરી જાય તે હિતાવહ રહેશે. ગત ફાગણ સુદ તેરસ (છ ગાઉ ફેરી) દરમિયાન વન વિભાગના સ્ટાફ દ્વારા કરાયેલી કામગીરીને જૈન સમાજે બિરદાવી હતી. આનંદજી કલ્યાણજી પેઢીના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે યાત્રાળુઓ શિસ્તબદ્ધ અને શાંતિપૂર્ણ રીતે યાત્રા કરે જેથી વન્યજીવોને ખલેલ ન પહોંચે તે માટે સંસ્થા સતત જાગૃતિ ફેલાવી રહી છે. આ બેઠકમાં વન વિભાગના અગ્ર સચિવ વિનોદ રાવ, હેડ ઓફ ધ ફોરેસ્ટ જયપાલસિંહ, ઉદ્યોગપતિ ડૉ. સુધીર મહેતા, ટ્રસ્ટી શ્રીપાલભાઈ, જૂનાગઢ સર્કલના CF મોહન રામ તેમજ ભાવનગર DFO યોગેશ દેસાઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લીમાં 'મુન્નાભાઈ MBBS'નો રાફડો!

### બાયડમાં SOG પોલીસની વધુ એક કાર્યવાહી, ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા કહેવાતા ડોક્ટરને ઝડપી પાડ્યો

ઘડિયા, દિપક પરમાર

અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર મેડિકલ પ્રેક્ટિસ સામે SOG પોલીસ દ્વારા કાર્યવાહીનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. બાયડમાં SOG પોલીસે વધુ એક વખત કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા કહેવાતા ડોક્ટર સામે કાર્યવાહી કરી છે. SOGની ટીમે રેડ દરમિયાન કોઈપણ જાતની મેડિકલ ડિગ્રી વગર માત્ર અનુભવના આધારે એલોપેથી સારવાર કરતો યુવક ઝડપી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, બાયડ તાલુકાના ચાંદરેજ ગામના વતની પ્રકાશકુમાર જશવંતભાઈ પટેલને ઝડપી પાડવામાં આવ્યો હતો.

## દાંતાના ઓડ વિસ્તારમાં દેશી દારૂનું ધૂમ વેચાણ



દાંતા પોલીસ પણ જોઈ રહી છે ભાવનગર જેવી ઘટનાની રાહ

દાંતા, લક્ષ્મણ ઝાલા

વાત કરવામાં આવે તો અત્યારે ભાવનગર માં નકલી દારૂ થી કેટલાક લોકોના મોત નીપજ્યા છે ત્યારે વાત કરવી છે દાંતા પોલીસ ટેશન ના વિસ્તારમાં ચાલતા દેશી દારૂ ના અડ્ડાની દાંતા પોલીસ ટેશન થી અંદાજિત બે કિલોમીટર ની અંતરે આવેલા ઓડવાસ માં વર્ષોથી દેશી દારૂનો અડ્ડો ધમધામી રહ્યો છે દાંતા પોલીસ ટેશન માં કેટલાય psi આવ્યા અને ગયા પણ કોઈને આ દારૂનો અડ્ડો નજરમાં આવતો નથી પરંતુ નાના બાળકને પૂછો તો પણ આંગળી પકડી ને દારૂના અડ્ડા સુધી લઈ જાય પણ દાંતા ની પોલીસ આ હજુ અજાણ છે તે માણવામાં આવતું નથી કે પછી હપ્તાના જોરે જાણી જોઈ ને નજર અંદાજ કરી રહ્યા છે ગણીવાર પ્રિન્ટ મીડિયામાં આ અડ્ડા વિશે અહેવાલો પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 21 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### ભાવનગરમાં ફરી લઠ્ઠાકાંડનો તાંડવ

# AAP ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ પીડિતોની મુલાકાત લઈ સરકાર સામે ઉઠાવ્યા સણસણતા સવાલો



અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના પોકળ દાવાઓ વચ્ચે ભાવનગરમાં સર્જાયેલા વધુ એક લઠ્ઠાકાંડના કારણે સમગ્ર રાજ્યમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઝેરી દારૂ પીવાથી અનેક નિર્દોષ યુવાનો હોસ્પિટલના ખાટલે ઝોલા ખાઈ રહ્યા છે અને કેટલાકના કરૂણ મોત નીપજ્યા છે. આ આઘાતજનક ઘટના બાદ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, પ્રદેશ નેતા રાજુભાઈ સોલંકી અને બ્રિજરાજ સોલંકીએ ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે પહોંચીને પીડિતો અને તેમના પરિવારોની મુલાકાત લીધી હતી. મુલાકાત બાદ ગોપાલ ઈટાલીયાએ રાજ્ય સરકારની નીતિ અને દારૂબંધીના કાયદાના અમલીકરણ સામે તીખા પ્રહારો કર્યા હતા. ગોપાલ ઈટાલીયાએ તીખો આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ત્રણ વર્ષ પહેલાં આ જ જગ્યા પર બોટાદ-બરવાળા લઠ્ઠાકાંડ મુદ્દે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. તેમ છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. દર વર્ષે અલગ-અલગ જિલ્લાઓમાં લઠ્ઠાકાંડ થાય છે અને તેના કારણે હજારો બહેનો નાની ઉંમરે વિધવા બની રહી છે. રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે જે બહેનોના ભાઈઓ છીનવાઈ ગયા છે, શું સોશિયલ મીડિયા પર 'રીલ બનાવતા મંત્રીઓ' તે ભાઈઓને પાછા લાવી શકશે? બોટાદ લઠ્ઠાકાંડના આરોપીઓને ક્યાં અને ક્યારે ફાંસીએ ચડાવાયા તેનો હિસાબ સરકારે જનતાને આપવો જોઈએ. સરકારની કડક કાર્યવાહી પર સવાલ ઉઠાવતા ઈટાલીયાએ પડકાર ફેંક્યો હતો કે જો સરકાર ખરેખર ગંભીર હોય, તો સ્થાનિક SPની છેલ્લા દસ વર્ષની મિલકતોની તટસ્થ તપાસ કરાવે અને રિપોર્ટ જાહેર કરે કે દારૂના કાળા કારોબારમાંથી કેટલો માલ બનાવવામાં આવ્યો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે કરોડો રૂપિયાના હપ્તા ઉઘરાવીને તે નાણાં કમલમ સુધી પહોંચાડવામાં આવે છે અને સામાન્ય લોકોને મરવા માટે છોડી દેવાય છે. સરકારમાં બેઠેલા મંત્રીઓની વાત આજે બુટલેગરો પણ માનતા નથી.

### 'પૈસા નહીં આપે તો કામ નહીં કરવા દઈએ'

## AMC ઓફિસમાં એજન્ટ પાસે રૂપિયાની માંગણી કરી પિતા-પુત્રનો હુમલો

અમદાવાદ

અમદાવાદના દાણાપીઠ સ્થિત AMCની મુખ્ય કચેરી કમ્પાઉન્ડમાં એજન્ટ તરીકે કામ કરતા પિતા-પુત્રએ અન્ય એજન્ટ પાસે કામ કરવા બદલ ખર્ચા પેટે રૂપિયાની માંગણી કરી હુમલો કર્યો હતો. રૂપિયા આપવાની ના પાડતાં તેમણે માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ઈજાગ્રસ્ત એજન્ટે કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વેજલપુર વિસ્તારમાં રહેતા 45 વર્ષીય સલીમભાઈ લંઘા AMC કચેરીમાં એજન્ટ તરીકે કામ કરે છે. ગત 19 ઓગસ્ટે તેઓ ગેટ નંબર 2 પાસે ચાની કેન્ટીન નજીક બેઠા હતા, ત્યારે ત્યાં કામ કરતા એજન્ટ યાસીન શેખ અને તેનો પુત્ર અનિક શેખ આવ્યા હતા. બંનેએ સલીમભાઈ પાસે આક્ષેપ સાથે માંગણી કરી હતી કે, 'AMCમાં એજન્ટ તરીકે કામ કરવું હોય તો અમને અને અમારા દીકરાને ખર્ચા પેટે રૂપિયા આપવા પડશે, નહિતર કામ કરવા દઈશું નહીં.' સલીમભાઈએ રૂપિયા આપવાની ના પાડતાં પિતા-પુત્રએ તેમની સાથે મારામારી કરી માથાના ભાગે લોખંડનું કડું મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. સલીમભાઈની બૂમાબૂમ સાંભળીને તેમના ભાઈ અને આસપાસના લોકો દોડી આવતાં તેઓ બચ્યા હતા. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ 'ફરીથી અહીં દેખાઈશ તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત સલીમભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

## વડોદરાના ખટંબામાં સરપંચ કમલેશ વાળંદ અને તેમના પરિવારની દાદાગીરી

### જમીન માલિક સાથે મારામારી બાદ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી કડક પગલાંની માગ

વડોદરા

વડોદરા તાલુકાના ખટંબા ગામમાં સત્તાના નશામાં ચૂર બનેલા સરપંચ અને તેમના પરિવારની દાદાગીરીનો એક અત્યંત ચકચારી મામલો સામે આવ્યો છે. ખટંબાના સરપંચ કમલેશભાઈ ચીમનભાઈ વાળંદ, તેમના પુત્ર અને પરિવારના સભ્યોએ ગામમાં જમીન ખરીદનારા મૂળ જમીન માલિક નગીનભાઈ અને તેમના પરિવાર સાથે મનસ્વી રીતે અમાનુષી ઝગડો કરી હિંસક મારામારી આચરી હતી. સરપંચની આ ખુલ્લી ગુંડાનોંધ સામે આજે પીડિત જમીન માલિક નગીનભાઈ પોતાના પરિવારજનો સાથે નવી કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને કલેક્ટર શ્રીને લેખિત આવેદનપત્ર સુપ્રત કરીને ન્યાયની ગુહાર લગાવી હતી.

પીડિત પરિવારનો આક્ષેપ છે કે, જમીન બાબતે મારામારી કર્યા બાદ સરપંચ કમલેશ વાળંદે અત્યંત ઉદ્ધત અને દાદાગીરીભર્યા લહેકામાં ધાક-ધમકી આપતા કહ્યું હતું કે, 'તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ, કોઈ મારું કશું ઉખાડી નહીં લે.' સત્તા અને હોદ્દાના જોરે કાયદો પોતાના હાથમાં લેનારા આ સરપંચના આવા વર્તનથી પીડિત પરિવાર ભારે દહેશત હેઠળ જીવી રહ્યો છે. નવી કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચેલા નગીનભાઈ અને તેમના પરિવારે માત્ર આવેદનપત્ર આપીને સંતોષ ન માન્યો, પરંતુ સરપંચ અને તેમના પરિવારે જે રીતે તેમની સાથે જમીન પર મારામારી કરી હતી તેના દ્રશ્યો અને વીડિયો પણ કલેક્ટર શ્રી સમક્ષ રજૂ કર્યા હતા. અકાટ્ય સબૂતો સાથે કરાયેલી આ રજૂઆત બાદ હવે તંત્ર માટે પણ આંખ આડા કાન કરવા મુશ્કેલ બન્યા છે. ગામના પ્રથમ નાગરિક ગણાતા સરપંચ જ જો ગુંડાગીરી પર ઉતરી આવે અને નિર્દોષ નાગરિકો સાથે મારામારી કરીને ખુલ્લેઆમ ધમકીઓ આપે, તો સામાન્ય પ્રજાએ કોના ભરોસે રહેવું? પીડિત પરિવારે કલેક્ટર સમક્ષ રજૂઆત કરીને માગ કરી છે કે આવા સરપંચ સામે તાત્કાલિક ધોરણે કાયદાકીય કડક કાર્યવાહી કરવામાં આવે અને તેમનું પદ રદ કરવા સુધીના પગલાં ભરીને પીડિતોને ન્યાય આપવામાં આવે.

## 1 કરોડના વ્હેલ માછલીની ઉલટીના જથ્થા સાથે વાવોલના શખસને દબોચ્યો, એક વોન્ટેડ

ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકની ટીમે બાતમીના આધારે ગુપ્ત ઓપરેશન પાર પાડીને અત્યંત કિંમતી ગણાતી વ્હેલ માછલીની ઉલટી એટલે કે 'એમ્બરગ્રીસ'ની ગેરકાયદેસર હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે વાવોલ ખાતે રહેતા એક યુવકની અંદાજે રૂ. ૧ કરોડની કિંમતના એમ્બરગ્રીસ સાથે ધરપકડ કરી છે. આ જપ્ત કરાયેલા પદાર્થની ચોક્કસ ચકાસણી માટે એફ.એસ.એલ. (FSL)ની મદદ લેવામાં આવી છે.

ચિલોડા પીઆઈ એસ. જે. ચૌહાણ અને તેમની પેટ્રોલિંગ ટીમ દ્વારા વાવોલમાં રહેતા 30 વર્ષીય એજાદઅહમદ નિસારઅહમદ કુરેશી (મૂળ રહે. પાટણ) નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની તલાશી લેતાં થેલામાંથી પ્લાસ્ટિકની કોથળીમાં સફેદ-ક્રીમ રંગના નાના-મોટા અનિયમિત આકારના ટુકડા મળી આવ્યા હતા. કડક પૂછપરછ દરમિયાન તેણે સ્વીકાર્યું હતું કે આ કિંમતી એમ્બરગ્રીસ છે, જેને તે ગાંધીનગરમાં વેચવા માટે ગ્રાહકની શોધમાં નીકળ્યો હતો.

### ફ્લેટના નામે ગ્રાહકો સાથે કરોડોની છેતરપિંડી

## વડોદરામાં સિદ્ધેશ્વર ગ્રુપના બિલ્ડર પાનસુરિયા બંધુઓની ધરપકડ કરાઈ

વડોદરા

વડોદરામાં રિયલ્ટી ક્ષેત્રે મોટું નામ ધરાવતા અને સિદ્ધેશ્વર ગ્રુપ સાથે સંકળાયેલા બિલ્ડર પાનસુરિયા બંધુઓ - સુરેશ પાનસુરિયા અને મનીષ પાનસુરિયાની વડોદરા પોલીસે છેતરપિંડીના ગંભીર કેસમાં ધરપકડ કરી લેતા ભૂમાફિયાઓ અને ફ્રોડ બિલ્ડરોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોતાના સ્વપ્નના ઘરની આશાએ પરસેવાની કમાણી રોકનારા નિર્દોષ ગ્રાહકોને છેતરીને રફુચક્કર થઈ જવાનો ખેલ રચનારા આ બિલ્ડર ભાઈઓ આખરે કાયદાના શિકંજામાં આવી ગયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપી સુરેશ પાનસુરિયા અને મનીષ પાનસુરિયાએ પોતાના સિદ્ધેશ્વર ગ્રુપના નવા પ્રોજેક્ટ્સમાં ફ્લેટ બુક કરાવવાના નામે અસંખ્ય ગ્રાહકો પાસેથી લાખો-કરોડો રૂપિયાની મોટી રકમ મેળવી લીધી હતી. પઝેશન આપવાની મોટી મોટી ગુલાબી વાતો કર્યા બાદ આરોપીઓએ પ્રોજેક્ટનું કામ અધૂરું જ છોડી દીધું હતું.



સમયમર્યાદા પૂરી થઈ જવા છતાં ન તો ગ્રાહકોને ફ્લેટનું પઝેશન સોંપવામાં આવ્યું કે ન તો તેમના નાણાં પરત કરવામાં આવ્યા.

લાંબો સમય સુધી બિલ્ડર ભાઈઓની ખોટી ખાતરીઓ અને વાયદાઓથી કંટાળેલા પીડિત ગ્રાહકોએ આખરે પોલીસ સમક્ષ ન્યાય માટે ગુહાર લગાવી હતી.

ગ્રાહકો દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપો અને પુરાવાઓના આધારે પોલીસે ત્વરિત ધોરણે ગુનો નોંધીને બંને આરોપીઓ મનીષ પાનસુરિયા અને સુરેશ પાનસુરિયાની અટકાયત કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. પોતાની મહેનતની કમાણી ગુમાવી ચૂકેલા ગ્રાહકો હવે એક જ માંગ કરી રહ્યા છે કે પોલીસ આ કૌભાંડી બિલ્ડરો સામે કડકમાં કડક કાર્યવાહી કરે અને તેમના નાણાં વ્યાજ સાથે પરત અપાવે. વડોદરામાં અવારનવાર બિલ્ડરો દ્વારા આચરવામાં આવતી આવી ઠગાઈ સામે તંત્ર દ્વારા દાખલારૂપ પગલાં ભરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.

### રાજકોટથી નડિયાદ સુધી સીલની કાર્યવાહી

## રાજ્યભરમાં તવાઈ: 187 રેસ્ટોરન્ટમાં દરોડા, 137 રેસ્ટોરન્ટ બંધ, 6 સીલ; 4ના લાયસન્સ સસ્પેન્ડ

ગાંધીનગર

સુરતના વરાછા વિસ્તારમાં 18 ઓગસ્ટે ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટનામાં પાંચ વર્ષની બાળકીના દુ:ખદ મોત બાદ રાજ્યના આરોગ્ય વિભાગે હોટલ-રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી સ્પેશિયલ ડ્રાઈવની સમીક્ષા કરી હતી.

રાજ્યભરમાં હાથ ધરાયેલી આકસ્મિક તપાસ દરમિયાન અત્યાર સુધીમાં 187 રેસ્ટોરન્ટમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી 137 રેસ્ટોરન્ટમાં ગંભીર કક્ષાની અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ મળી આવતા તેમને તાત્કાલિક અસરથી સંપૂર્ણ બંધ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નિયમોનો ભંગ કરનાર 6 રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવ્યા છે.

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયમોનો ભંગ કરનાર 2 રેસ્ટોરન્ટ, રાજકોટ




જિલ્લામાં 1 અને નડિયાદ જિલ્લામાં 3 રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવ્યા છે. જ્યારે 40 રેસ્ટોરન્ટને ખામીઓ દૂર કરવા માટે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. ગંભીર ક્ષતિઓ બદલ 4 રેસ્ટોરન્ટના લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. બાળકીના મોત બાદ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે તમામ ઝોનમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

ફૂડ સેફ્ટી ઓફિસર અને સેનિટેશન સ્ટાફની સંયુક્ત ટીમોએ 209 હોટલ-રેસ્ટોરન્ટ અને 34 ઢાબામાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન કિચનની સફાઈ, વાસી ખોરાક, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ તેમજ ડેરી પ્રોડક્ટ્સ અંગેના ડિસ્પ્લે બોર્ડ સહિતની ચકાસણી કરવામાં આવી હતી.

આ દરમિયાન 548 કિલો અખાદ્ય ખોરાકનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો. નિયમોમાં ખામી બદલ 128 હોટલ-રેસ્ટોરન્ટને નોટિસ આપી રૂ.4,43,800નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો છે. ગંભીર અસ્વચ્છતા અને ખામીઓ ધરાવતી 43 હોટલ-રેસ્ટોરન્ટને તાત્કાલિક બંધ કરાવવામાં આવી છે.

### સુરતની શીતલ રેસ્ટોરન્ટમાં ફૂડ પોઈઝનિંગથી માસૂમનો બલી

## એસી ઓફિસોમાં બેસી હપ્તા વસૂલતા લાંચિયા હેલ્થ અફસરો સામે ક્યારે નોંધાશે માનવવધનો ગુનો

સુરત

સુરતની 'શીતલ રેસ્ટોરન્ટ'માં એક જ પરિવારના સભ્યોએ હરખભેર ભોજન લીધા બાદ ભયાનક ફૂડ પોઈઝનિંગનો શિકાર બનવું પડ્યું, જેમાં એક નિર્દોષ માસૂમ બાળકીએ તડપી-તડપીને પોતાનો જીવ ગુમાવ્યો છે. પરંતુ આ કોઈ અકસ્માત નથી, આ તંત્ર અને હોટેલ માલિકની મિલીભગતથી થયેલી સીધી 'હત્યા' છે. વાસ્તવિકતા એ છે કે આ માત્ર સુરતની એક રેસ્ટોરન્ટની વાત નથી, સમગ્ર ગુજરાતના મોટાભાગના શહેરોમાં હોટેલ અને રેસ્ટોરન્ટ્સ આ જ રીતે ઝેર પીરસી રહ્યા છે. રેસ્ટોરન્ટ માલિકો કઈ મફતમાં ભોજન નથી આપતા, પ્રજા પોતાના મહેનતના નાણાં ચૂકવે છે. તો પછી ગ્રાહકોની થાળીમાં વાસી, સડેલું અને જાનલેવા ભોજન પીરસવાની આ નાલાયકી કેમ? પ્રજાના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખેલ ખેલતા આ હરામખોરો સામે આખરે ક્યારે જનઆંદોલન છેડાશે? સૌથી મોટો અને તીખો સવાલ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ)ના એસી ઓફિસોમાં બેસીને સરકારી પગાર પચાવતા અધિકારીઓને છે. આ અધિકારીઓ આખો મહિનો કઈ ઘોર નિંદ્રામાં પડ્યા રહે છે? કોઈ અબૂધ બાળકી કે નાગરિકનો જીવ જાય, ત્યારે જ કેમ આ સરકારી બાબુઓ કેમેરા સામે સેમ્પલ લેવાના નાટકો કરવા નીકળી પડે છે? દિવાળી કે વાર-તહેવારે પડતા દરોડા શું માત્ર હોટેલ માલિકો પાસેથી મોટા 'દિવાળી પેકેટ' અને માસિક હપ્તા સેટ કરવા માટેનો ધંધો છે? જો હેલ્થ વિભાગના અધિકારીઓ દર મહિને પ્રામાણિકતાથી દરેક હોટેલના રસોડા તપાસતા હોત, તો આજે એક પરિવારે પોતાની દીકરી ગુમાવવાનો વારો ન આવ્યો હોત.

અધિકારીઓની આ આળસ, લાપરવાહી અને ભ્રષ્ટાચાર જ માસૂમોનો જીવ લઈ રહ્યા છે. રાજ્યની મોટાભાગની હોટેલોના રસોડામાં પગ મૂકો તો અસહ્ય દુર્ગંધ, કીડા-મકોડા, વાસી પનીર, હલકી ગુણવત્તાનું કેમિકલયુક્ત તેલ અને સડેલા શાકભાજીનું સામ્રાજ્ય જોવા મળે છે.

હેલ્થ ઓફિસરો આ બધું જ જાણે છે, પરંતુ તેમનું મોં હોટેલ માલિકો પાસેથી મળતા મસમોટા હપ્તાઓથી બંધ કરી દેવાય છે. પ્રજાના ટેક્સમાંથી લાખો રૂપિયાનો પગાર લેતા આ અધિકારીઓ પોતાની તિજોરીઓ ભરવા માટે જનતાના પેટમાં ધીમું ઝેર પીરસવાના લાયસન્સ વહેંચી રહ્યા છે. હવે માત્ર નોટિસો આપવાના, કામચલાઉ સીલ મારવાના કે નજીવો દંડ ફટકારીને કાગળ પર કાર્યવાહી બતાવવાના નાટકો બંધ કરવા પડશે.

## મોટા ચિલોડાના ચંદ્રાલા પાસે કાળજું કંપાવનારો હિટ એન્ડ રન: ફોરવ્હીલરની જોરદાર ટક્કરથી 7 વર્ષની માસૂમ દીકરીનું કરૂણ મોત

ગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલા મોટા ચિલોડાના ચંદ્રાલા ગામ પાસે એક અત્યંત કાળજું કંપાવનારી અને હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. એક્ટિવા પર સવાર થઈને જઈ રહેલા એક નિર્દોષ પરિવારને પૂરપાટ ઝડપે આવતી ચાર પૈડાં વાળી ગાડીના ચાલકે એવી જોરદાર ટક્કર મારી કે આખો પરિવાર રોડ પર રઝળતો થઈ ગયો હતો. આ ભયાનક અકસ્માતમાં 7 વર્ષની માસૂમ દીકરીનું ઘટનાસ્થળે જ કાળજું કંપાવનારું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે પરિવારના અન્ય 3 સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, એક્ટિવા પર જઈ રહેલા પરિવારને કાળ બનીને આવેલી ફોરવ્હીલરે એવી જોરદાર ટક્કર મારી હતી કે અકસ્માતમાં માસૂમ બાળકીએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. ઘટના આચર્યા બાદ નિર્દયી કારચાલક પોતાની ગાડી લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પડેલા પરિવારને જોઈને સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. અકસ્માત સર્જીને નાસી છૂટેલા કિલર કારચાલકની ઓળખ છતી કરવા માટે પોલીસે અકસ્માત સ્થળ અને આસપાસના સીસીટીવી ફુટેજ ચકાસવાની સાથે ફરાર ચાલક સામે ગુનો નોંધીને તેની શોધખોળ હાથ ધરી છે.

### બસની સવલત માગતા વિદ્યાર્થીઓને કંડક્ટર આપે છે 'લાઠીચાર્જ' કરાવવાની ધમકી!

## બોરસદના કાંઠાગાળામાં ST તંત્રની દાદાગીરી અને ભયાનક લાપરવાહી

આણંદ

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના કાંઠાગાળાના ગામડાઓમાં શિક્ષણ મેળવવા મથતા વિદ્યાર્થીઓ માટે ST બસની મુસાફરી હવે સુવિધા નહીં પરંતુ ભારે યાતના અને ભયનું કારણ બની ગઈ છે. શાળા-કોલેજે સમયસર પહોંચવા માટે કાંઠાગાળાના કૂમળા બાળકો રોજબરોજ બસના દરવાજે લટકીને જીવના જોખમે પ્રવાસ કરવા મજબૂર બન્યા છે. પરંતુ, તંત્ર આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે વિદ્યાર્થીઓના ભવિષ્ય અને તેમના જીવ સાથે ખુલ્લેઆમ ખેલ ખેલવામાં મશગૂલ છે. સ્થાનિક વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર, જે ST બસમાં નિયમ મુજબ 50 થી 60 મુસાફરોના બેસવાની ક્ષમતા હોય છે, તે જ બસમાં ખીચોખીચ 120 થી પણ વધુ વિદ્યાર્થીઓને ઘેટા-બકરાની જેમ પૂરી દેવામાં આવે છે. બસની અંદર ઉભા રહેવાની જગ્યા ન હોવા છતાં, વિદ્યાર્થીઓ દરવાજા પર લટકીને મુસાફરી કરે છે. કલાકો સુધી બસની રાહ જોયા પછી પણ જો બસ ન મળે અથવા આ રીતે ફૂલ થઈને આવે, તો વિદ્યાર્થીઓનો અભ્યાસ અને શાળાઓનો સમય બગડે છે. જો લટકતા કોઈ બાળકના હાથમાંથી પકડ છૂટી જાય અને મોટો અકસ્માત સર્જાય, તો તેનો જવાબદાર કોણ– ST નિગમ કે આંધળું થઈને બેઠેલું વહીવટી તંત્ર? તંત્રની નાલાયકીની હદ તો ત્યાં વટાવી જાય છે કે જ્યારે હેરાન-પરેશાન થયેલા વિદ્યાર્થીઓ વધારાની બસ મૂકવા કે રૂટ સુધારવા માટે રજૂઆત કરે છે, ત્યારે તેમની વાત સાંભળવાને બદલે બસના કંડક્ટર અને જવાબદારો દ્વારા તેમને ઉદ્ધતપણે ધમકાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને 'હવે વધારે બોલશો તો પોલીસ સ્ટેશને લઈ જઈને લાઠીચાર્જ કરાવીશું' જેવી ખુલ્લી ધમકીઓ આપવામાં આવી રહી છે! કાયદો અને વ્યવસ્થા જાળવવાનો અને પ્રજાની સેવા કરવાનો જેનો દાવો છે, તે જ સિસ્ટમ હવે પોતાના હક્ક અને સલામતી માટે અવાજ ઉઠાવતા ભણતા બાળકો સામે 'પોલીસ અને લાઠીઓ'નો ભય બતાવી રહી છે! 'બેટી બચાવો, બેટી પઢાવો' અને 'ભણેગા ગુજરાત, આગળ વધેગા ગુજરાત'ના મોટા-મોટા બોર્ડ લગાવતી સરકાર શું બોરસદના કાંઠાગાળાના આ શ્રમિક અને ગ્રામીણ પરિવારોના બાળકોની આ કાળજાળ તકલીફ નથી જોઈ શકતી?

## રાણીપમાં ચરસના જથ્થા સાથે એક યુવક ઝડપાયો

### પોલીસ સ્ટેશન સામેના ન્યૂ પ્રેમનગરના મકાનમાંથી 490 ગ્રામ ચરસનો જથ્થો જપ્ત, બે મહિલા સામે પણ ફરિયાદ

અમદાવાદ

અમદાવાદ શહેરના રાણીપ પોલીસ સ્ટેશન સામે ન્યૂ પ્રેમનગરના છાપરામાં ચરસનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે એન્ટી નારકોટિક્સ ફોર્સ ટીમે દરોડો પાડી 1.22 લાખના 490 ગ્રામ ચરસ સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. જેમાં પોલીસે મોબાઈલ ફોન, આધારકાર્ડ અને લાઈટ બિલ સહિતનો મુદ્દામાલ કબજે કરી ફરાર બે મહિલા સામે પણ ગુનો નોંધ્યો છે. રાણીપ પોલીસ સ્ટેશન સામે ન્યૂ પ્રેમનગરના છાપરામાં ઈરફાનખાન નસીબખાન પઠાણ ચરસ અને ગાંજાનું વેચાણ કરતો હોવાની બાતમી ANTFને મળી હતી. તેના આધારે ટીમે દરોડો



પાડતા ઈરફાનખાન પઠાણ મળી આવ્યો હતો. બાદમાં ઘરમાં તપાસ કરતા ગોદડાંની વચ્ચેથી પ્લાસ્ટિકની થેલીમાંથી 1.22 લાખનો 490 ગ્રામ ચરસનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે ઈરફાનખાનની ધરપકડ કરીને રૂ. 1.23 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીની પૂછપરછ કરતા ચરસનો જથ્થો ચેનપુરમાં રહેતી સુનીતાના ફોનમાંથી તેની બહેન સોનીએ ફોન કર્યો હતો કે 500 ગ્રામ ચરસનો જથ્થો જોઈએ છે.

## તંત્રી લેખ...

# રૅગિંગનું રાક્ષસી દૂષણ જડમૂળથી ઉખાડી ફેંકવાનો સમય પાકી ગયો છે

## સુરતમાં તબીબી વિદ્યાર્થી હર્ષના આપઘાત બાદ બહેનની આક્રંદભરી ચીસ અને સિસ્ટમ સામે સણસણતા પ્રહારો

સુરતમાં ભવિષ્યના ડોક્ટર બનવાનું સપનું સેવીને હોસ્ટેલમાં રહેવા ગયેલા આશાસ્પદ અને તેજસ્વી વિદ્યાર્થી હર્ષે સિનિયરોની ભયાનક રાક્ષસી માનસિકતા અને રેગિંગના ત્રાસથી તંગ આવીને પોતાનો જીવ ટૂંકાવી લીધો છે. એક હસતો-રમતો પરિવાર, વૃદ્ધ મા-બાપનો સહારો અને ઘરનો એકમાત્ર ચિરાગ ક્ષણવારમાં ઓલાઈ ગયો છે. આ કાળજું કંપાવનારી ઘટના બાદ હર્ષની બહેને અશ્રુભીની આંખે અને તૂટેલા હૃદયે સમગ્ર સમાજ અને સરકાર સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'રૅગિંગ હંમેશાં માટે બંધ થઈ જવું જોઈએ. મારો ભાઈ તો જતો રહ્યો, પણ હવે પછી કોઈ પણ બહેનનો ભાઈ કે કોઈ મા-બાપનો દીકરો આવી વિકૃત માનસિકતાનો ભોગ ન બનવો જોઈએ.'

### બીજાને પીડા આપીને આનંદ મેળવવો એ માનસિક રોગ છે: આવી વિકૃત માનસિકતા ધરાવતા નરાધમો સામે કડક કાર્યવાહી ક્યારે?



સૌથી મોટો અને તીખો સવાલ એ છે કે સિનિયર હોવાના નામે, કેવળ પોતાના અહંકાર અને બનાવટી વટ વટાવા માટે જુનિયર વિદ્યાર્થીઓનું શારીરિક અને માનસિક શોષણ કરીને આ લોકોને શું સુખ મળે છે? બીજા માસૂમ બાળકને કલાકો સુધી માનસિક યાતના આપવી, તેને અપમાનિત કરવો કે શારીરિક ટોર્ચર કરવું એ સામાન્ય બાબત નથી, પરંતુ એક ભયાનક માનસિક વિકૃતિ છે. જે શૈક્ષણિક સંસ્થાઓમાં દેશના ભવિષ્ય અને ડોક્ટરોનું નિર્માણ થવું જોઈએ, ત્યાં જ રાક્ષસી રાક્ષસ સમાન કીડાઓ પાકી રહ્યા છે. આવા ગુંડા તત્વો સામે માત્ર કોલેજમાંથી બે-ચાર મહિના માટે સસ્પેન્ડ કરવાનો કે હોસ્ટેલ ખાલી કરાવવાનો કાગળ પરનો નાટક ચલાવવાને બદલે, તેમના પર સીધો 'હત્યા અને માનવવધ'નો કેસ નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ વિદ્યાર્થી આવી નાલાયકી કરતાં પહેલાં હજાર વાર વિચાર કરે.

### માત્ર વિદ્યાર્થીઓ જ કેમ? શંકાસ્પદ મૌન સેવતા કોલેજ તંત્ર, પ્રિન્સિપાલ અને હોસ્ટેલ વોર્ડન સામે પણ ગંભીર ગુનો નોંધાવો જોઈએ

જ્યારે પણ આવી રેગિંગની કરૂણ ઘટનાઓ બને છે ત્યારે શૈક્ષણિક સંસ્થાઓનું તંત્ર, એન્ટી-રેગિંગ કમિટી અને હોસ્ટેલના વોર્ડન ગણતરીની મિનિટોમાં પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લે છે અને પોતાનો બચાવ કરવા મંડી પડે છે.

શું હોસ્ટેલ અને કોલેજના રૂમમાં કલાકો સુધી ચાલતા આ માનસિક અને શારીરિક શોષણની જાણ પ્રોફેસરો કે હોસ્ટેલ પ્રશાસનને નથી હોતી?

### શું તંત્રની ગુનાહિત લાપરવાહી અને શંકાસ્પદ મૌન જ આ રાક્ષસી માનસિકતા ધરાવતા વિકૃત વિદ્યાર્થીઓને પ્રોત્સાહન નથી આપતું?

ગાંધીનગરમાં બેઠેલી સરકારે હવે માત્ર રેગિંગ કરનારા વિદ્યાર્થીઓ પર જ નહીં, પરંતુ આવી ઘટનાઓ પર આંખ આડા કાન કરનાર, વિદ્યાર્થીઓની ફરિયાદો દબાવી દેનાર અને સમયસર પગલાં ન લેનાર સ્કૂલ-કોલેજના સંચાલકો, પ્રિન્સિપાલ અને કમિટીના જવાબદારો સામે પણ ગંભીર કાનૂની એફઆઈઆર નોંધવી જોઈએ.

જ્યારે શૈક્ષણિક સંસ્થાઓના મોભીઓ સામે જેલના દરવાજા ખુલશે, ત્યારે જ કોલેજોની હોસ્ટેલમાં માસૂમ વિદ્યાર્થીઓ સુરક્ષિત બની શકશે.

### સરકાર કાગળ પરની એન્ટી-રેગિંગ કમિટીઓ બંધ કરે, કેન્દ્રીય સ્તરે કઠોર કાયદો બનાવી તાત્કાલિક દંડાત્મક પગલાં ભરે

માત્ર સંવેદનાઓ વ્યક્ત કરવાથી, કાગળ પરની શોકસભા યોજવાથી કે તપાસ કમિટીઓના નાટકો કરવાથી હવે કોઈના ઘરનો ઓલવાયેલો ચિરાગ પાછો આવવાનો નથી. ગૃહ વિભાગ અને શિક્ષણ વિભાગે આ ઘટનાને અતિ ગંભીર ગણીને તાત્કાલિક ધોરણે નીતિગત નિર્ણયો લેવા પડશે:

1. બિન-જામીનપાત્ર ગુનો અને ફાસ્ટ ટ્રૅક કોર્ટ: રેગિંગને બિન-જામીનપાત્ર ગંભીર ગુનો જાહેર કરીને આવા કેસો માટે સ્પેશિયલ ફાસ્ટ ટ્રૅક કોર્ટમાં કાનૂની સુનાવણી કરવામાં આવે.
2. સંસ્થાની માન્યતા રદ કરવાની જોગવાઈ: જે શૈક્ષણિક સંસ્થામાં રેગિંગના કારણે કોઈ વિદ્યાર્થી આપઘાત કરે કે તેને ગંભીર માનસિક ઈજા થાય, તે સંસ્થાની સરકારી માન્યતા અને ગ્રાન્ટ રદ કરવા સુધીના આકરા પગલાં લેવાય.
3. દાખલારૂપ અને આકરી સજા: દોષિત સિનિયર વિદ્યાર્થીઓને તાત્કાલિક ધોરણે એવી કઠોર સજા ફટકારવામાં આવે જે સમગ્ર દેશની શિક્ષણ પ્રણાલી માટે ઉદાહરણરૂપ બને.

જો આજે પણ જનતા, શૈક્ષણિક આલમ અને સરકાર આ મુદ્દે મૌન રહી, તો કાલ ઉઠીને કોઈ અન્ય ગરીબ કે મધ્યમ વર્ગના માસૂમ મા-બાપનો પુત્ર કે પુત્રી વિદ્યાના ધામમાં બલી ચડી જશે. હવે સમય આશ્વાસનોનો કે ખોટા દાવાઓનો નથી, પણ કડક, ધાકડ અને સીધા દંડાત્મક કાર્યવાહીનો છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અંતિમ રિપોર્ટમાં વિલંબ, માધ્યમોની ઉતાવળ અને ટેકનિકલ ખામીના નવા ઘટસ્ફોટ વચ્ચે અમદાવાદ પ્લેન દુર્ઘટનાનો રહસ્યમય વળાંક

અમદાવાદ પ્લેન દુર્ઘટનાને એક વર્ષ કરતાં પણ વધુ સમયનો લાંબો ગાળો વિતી ગયો હોવા છતાં, ભારતની કેન્દ્ર સરકાર અને એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો (AAIB) દ્વારા હજુ સુધી આ દર્દનાક દુર્ઘટનાનો અંતિમ અને સત્તાવાર રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી. એક તરફ આટલી મોટી હોનારતનો આખરી તારણ રિપોર્ટ અટકાવી રાખવામાં આવ્યો છે, તો બીજી તરફ આ સમગ્ર મામલે અનેક ગંભીર શંકાઓ અને વિવાદોના વંટોળ ઊભા થયા છે. દેશવાસીઓ અને પીડિત પરિવારો સતત એક જ સવાલ પૂછી રહ્યા છે કે આખરે તપાસનો આખરી રિપોર્ટ જાહેર કરવામાં આટલો વિલંબ કેમ થઈ રહ્યો છે?



### ગ્રાઉન્ડ રિપોર્ટ અને વિવાદની શરૂઆત

આ સમગ્ર વિવાદની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૬માં થઈ હતી, જ્યારે દેશના અગ્રણી અખબારો અને ન્યૂઝ ચેનલોના ફ્રન્ટ પેજ પર એક સંતોષકારક પુરાવા વગરનો અહેવાલ વહેતો કરવામાં આવ્યો હતો. આ અહેવાલોમાં એવો ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો હતો કે ફ્લાઇટના કપ્તાન સુમિત સભરવાલે પોતે જ મેઈન ફ્યુઅલ સ્વિચ બંધ કરી દીધી હતી, જેના કારણે વિમાનનો ઈંધણ પુરવઠો અચાનક ખોરવાઈ ગયો અને આ ભયાનક દુર્ઘટના સર્જાઈ.

આ અહેવાલ સામે આવતાની સાથે જ સમગ્ર દેશમાં આક્રોશનો માહોલ સર્જાયો હતો. એક તરફ સામાન્ય નાગરિકો આ વાત માનવા તૈયાર નહોતા, તો બીજી તરફ પાઈલોટ એસોસિએશને પણ આ લીક થયેલા પ્રાથમિક અહેવાલને સંપૂર્ણપણે ખોટો અને પક્ષપાતી ગણાવીને તેનો કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો હતો. પાઈલોટ એસોસિએશને સ્પષ્ટ કર્યું હતું કે કોઈ પણ જવાબદાર કપ્તાન આવી ગંભીર ભૂલ કે કૃત્ય ન કરી શકે અને આ પ્રકારના અહેવાલોથી દિવંગત પાઈલોટની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

### અમેરિકન ફર્મનો ટેકનિકલ ઘટસ્ફોટ અને સિમ્યુલેટર ડેટા

આ વિવાદ વચ્ચે સમગ્ર ઘટનાક્રમમાં એક નવો અને અત્યંત મહત્વપૂર્ણ વળાંક ત્યારે આવ્યો જ્યારે પ્લેન ક્રેશના પીડિત પરિવારોનું પ્રતિનિધિત્વ કરી રહેલી અમેરિકાની પ્રખ્યાત લીગલ ફર્મ બિસ્લી એલને આ મામલે મોટો ખુલાસો કર્યો. આ ફર્મે કેપ્ટન સુમિત સભરવાલની ભૂલ હોવાની થિયરીને તથ્યવિહીન ગણાવીને ફગાવી દીધી છે.

બિસ્લી એલન દ્વારા જાહેર કરવામાં આવેલા સિમ્યુલેટર વિડીયો અને ટેકનિકલ ડેટા વિશ્લેષણ અનુસાર, વિમાનમાં ઈંધણ પુરવઠો ખોરવાયો તે પહેલાં જ ફ્લાઇટમાં ગંભીર ટેકનિકલ અને ઈલેક્ટ્રિકલ ખામીઓ શરૂ થઈ ચૂકી હતી. આ ટેકનિકલ ડેટા એ વાત તરફ સ્પષ્ટ ઈશારો કરે છે કે વિમાનમાં સર્જાયેલી આંતરિક યાંત્રિક ગડબડ જ આ દુર્ઘટના માટે જવાબદાર હતી, નહીં કે પાઈલોટનો કોઈ નિર્ણય. આ ઘટસ્ફોટ બાદ કેપ્ટન સુમિત સભરવાલ પર લગાવવામાં આવેલા આરોપો સામે મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા થયા છે.

### સવાલોના ઘેરામાં તપાસ એજન્સીઓ અને માધ્યમોની ભૂમિકા

આ તમામ વિગતો સામે આવ્યા બાદ હવે કેટલાંક કડવા અને સીધા સવાલો ઊભા થઈ રહ્યા છે. અંતિમ અને સત્તાવાર તપાસ રિપોર્ટ જાહેર થયા પહેલા જ અખબારો અને ન્યૂઝ ચેનલોમાં કેપ્ટન સુમિત સભરવાલને દોષિત ઠેરવતી ખબરો કોના કહેવાથી બ્રેકિંગ ન્યૂઝ બનાવીને રજૂ કરવામાં આવી હતી? શું સત્તાવાર તપાસ પૂર્ણ થાય તે પહેલા જ કોઈ ચોક્કસ દિશામાં જનતાનું ધ્યાન દોરીને મુખ્ય ટેકનિકલ ખામીઓને ઢાંકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો?

ભારતીય તપાસ એજન્સી AAIBના પ્રાથમિક તારણો અને તેમની વિલંબિત કામગીરીથી અસંતુષ્ટ થઈને જ પીડિત પરિવારોએ ન્યાય મેળવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરની લીગલ ફર્મની મદદ લેવી પડી છે. તપાસની આ ધીમી ગતિ અને લીક થયેલા અહેવાલોની પૃષ્ઠભૂમિમાં હવે એ જોવું મહત્વપૂર્ણ રહેશે કે કેન્દ્ર સરકાર અને તપાસ એજન્સીઓ ક્યારે આખરી અને નિષ્પક્ષ રિપોર્ટ જાહેર કરે છે. દેશવાસીઓ અને સ્વજનો ગુમાવનાર પીડિત પરિવારો હવે એ જ આશા રાખી રહ્યા છે કે આ ભયાનક અકસ્માતનું સાચું કારણ બહાર આવે અને સત્ય હંમેશા માટે રહસ્ય બનીને ન રહી જાય.

# મૌનમરણનોમહાસાગર: દારૂબંધીના દંભ તળે હોમાતી માનવજિંદગીઓ અને તંત્રની ગુનાહિત નિષ્ક્રિયતા

ગુજરાતમાં જ્યારે કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય અને ડઝનબંધ લાશો એકસાથે પડે, ત્યારે જ સરકાર, પોલીસ અને સમાજના પેટનું પાણી હલે છે.

પણ શું આપણે ક્યારેય વિચાર્યું છે કે લઠ્ઠાકાંડ સિવાયના સામાન્ય દિવસોમાં સડેલો, કેમિકલયુક્ત અને ઝેરી દેશી દારૂ પીને રોજના કેટલા લોકો આંતરડાં બળી જવાથી કે લીવર ફેઈલ થવાથી મરી રહ્યા છે? આવા 'મૌન મરણ'નો કોઈ સત્તાવાર સરકારી આંકડો નથી. ગરીબ અને શ્રમિક વર્ગના હજારો પરિવારો રોજેરોજ બરબાદ થઈ રહ્યા છે, છતાં કાગળ પરની 'દારૂબંધી'નો મોહરો પહેરીને બેઠેલું તંત્ર કાનમાં આંગળા નાખીને બેઠું છે.

### કાગળ પર કાયદો, રસ્તા પર ખુલ્લેઆમ વેપાર

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો માત્ર ચોપડે જ કડક છે, વાસ્તવિકતામાં તે હપ્તાખોરી અને ગેરકાયદેસર કમાણીનું સાધન બની ગયો છે. ખુલ્લેઆમ ચાલતા દેશી દારૂના અડ્ડાઓ સ્થાનિક પોલીસના આશીર્વાદ વગર શક્ય જ નથી. દારૂ બનાવનારા અસામાજિક તત્વો નફો કમાવાની લાલચમાં મેથેનોલ અને ભયાનક કેમિકલ્સ મિશ્રિત કરીને ઝેર પીરસે છે. પીનારાઓ ગરીબ છે અને તેમને સારી ગુણવત્તાનું કે કાયદેસરનું દારૂ ઉપલબ્ધ નથી, જેના કારણે તેઓ આ કાળજું બાળતા કેમિકલના શરણે જાય છે. આ ક્યાં સુધી ચાલશે? શું દારૂબંધીના નામે ચાલતો આ દંભ અને પાખંડ બંધ થવાનો સમય નથી આવ્યો?

### દારૂબંધી હટાવવી કે વ્યવહારુ નીતિ અપનાવવી?

ઘણા સમયથી એ સવાલ ઉઠી રહ્યો છે કે જો સરકાર દારૂબંધીનો અમલ કરાવી શકતી જ ન હોય, તો આ દંભ હટાવી દેવો જોઈએ. જો નિયંત્રિત અને ગુણવત્તાયુક્ત વ્યવસ્થા ઉભી કરવામાં આવે, તો લોકોને ઝેરી અને સડેલો દારૂ પીને અકાળે મરવું ન પડે. અન્ય રાજ્યોની જેમ કાયદેસર વેચાણથી સરકારને કરોડો રૂપિયાનું મહેસૂલ મળે, જેનો ઉપયોગ આરોગ્ય અને શિક્ષણમાં થઈ શકે, અને બૂટલેગરો તથા ભ્રષ્ટ અધિકારીઓની સમાંતર ઈકોનોમીનો અંત આવે.

### તંત્ર સમક્ષ કડક માંગણીઓ અને ઉપાયો

જો સરકારે દારૂબંધી ચાલુ જ રાખવી હોય, તો હવે પોકળ વાતો નહીં પણ કડક અને આકરા પગલાં ભરવા પડશે:

અધિકારીઓની સીધી જવાબદારી: જે વિસ્તારમાં દેશી કે વિદેશી દારૂનો અડ્ડો પકડાય, ત્યાંના સ્થાનિક B human/Police Inspector અને DySP સામે માત્ર બદલી કે સસ્પેન્શન નહીં, પરંતુ ગુનાહિત બેદરકારીનો કેસ નોંધીને જેલભેગા કરવા જોઈએ.

ઝેરી કેમિકલ્સ પર કડક વોચ: દારૂમાં વપરાતા મેથેનોલ અને ઈન્ડસ્ટ્રીયલ સોલવન્ટ જેવા ઝેરી કેમિકલ્સના વેચાણ અને સપ્લાય ચેઈન પર સુપરફાસ્ટ ડિજિટલ ટ્રેકિંગ મૂકવું જોઈએ.

બૂટલેગરો સામે પાસા અને મિલકત જપ્તી: ઝેરી દારૂ બનાવીને લોકોના જીવ સાથે ખેલતા માફિયાઓ સામે પાસા (PASA) હેઠળ કાર્યવાહી કરી તેમની ગેરકાયદે મિલકતો ટાંચમાં લેવી જોઈએ.

ગંભીર આરોગ્ય સર્વેક્ષણ: ઝેરી દેશી દારૂના કારણે થતા રોગો અને મૃત્યુનો સત્તાવાર ડેટા એકત્ર કરવા માટે હોસ્પિટલોમાં ખાસ કમિટી બનાવવી જોઈએ જેથી સાચો આંકડો સામે આવે.

હવે સમય આવી ગયો છે કે સરકાર પોતાના અહમ અને દંભમાંથી બહાર આવે.

કાં તો દારૂબંધીનો અમલ એટલો આકરો કરો કે એક પણ ટીપું દારૂ ન વેચાય, અને જો એ શક્ય ન હોય તો આ નીતિની પુનઃસમીક્ષા કરીને લોકોના જીવ બચાવવા માટે વ્યવહારુ રસ્તો અપનાવો.

# વિજ્ઞાનને પડકારતું સ્થાપત્યનું અકળ વિસ્મય: અમદાવાદના ઝૂલતા મિનારા

માનવ ઈતિહાસ અને સ્થાપત્ય કળાની એક એવી વિલક્ષણ જુગલબંદી જોવી હોય જે સદીઓ જૂની હોવા છતાં આજે પણ આધુનિક વિજ્ઞાન અને ઈજનેરી કળા માટે એક વણઉકલ્યું રહસ્ય ભાસે છે, તો તે ગુજરાતના હૃદય સમાન અમદાવાદ શહેરમાં આવેલા જગવિખ્યાત 'ઝૂલતા મિનારા' છે. અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશનની બહાર મસ્જિદના પરિસરમાં અને ગોમતીપુરમાં સીદી બશીરની મસ્જિદના ભાગ રૂપે વિરાજમાન આ મિનારા માત્ર પથ્થરની ઈમારત નથી, પરંતુ ભારતીય શિલ્પકળાનો એક અજોડ અને અદ્ભુત આવિષ્કાર છે. ઈસવીસન ૧૪૫૨માં સુલતાન કુતુબુદ્દીન અહમદ શાહના શાસનકાળ દરમિયાન નિર્મિત આ સ્થાપત્ય આપણને પ્રાચીન ભારતીય વિજ્ઞાનની સર્વોચ્ચ ઊંચાઈ પર લઈ જાય છે.

આ મિનારાઓની ભૌમિતિક અને સ્થાપત્યગત વિશિષ્ટતા અતિ વિલક્ષણ છે. ત્રણ માળ ઊંચા આ મિનારાઓ પથ્થર પર કંડારેલા નાજુક નક્ષીકામ અને સુંદર કલાત્મક ઝરૂખાઓથી સુશોભિત છે. પરંતુ આ આખી રચનાનું અસલી અને વિસ્મયજનક રહસ્ય તેની કંપન થવાની ક્ષમતામાં છુપાયેલું છે. જ્યારે કોઈ એક મિનારાના ઉપરના માળે જઈને તેને સહેજ ધક્કો મારવામાં આવે અથવા તેમાં કંપન ઉત્પન્ન કરવામાં આવે, ત્યારે તેની સાથે જોડાયેલો બીજો મિનારો પણ થોડી જ ક્ષણોમાં આપમેળે ઝૂલવા લાગે છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે બંને મિનારાઓની વચ્ચે આવેલો મધ્ય ભાગ બિલકુલ સ્થિર રહે છે અને આ કંપનની અસર ઈમારતના પાયાને કોઈ નુકસાન પહોંચાડતી નથી.

ભૂકંપ પ્રતિકારક બાંધકામની આ પ્રાચીન તકનીકી વૈશ્વિક સ્તરે અજોડ છે. પથ્થરોનું આ જીવંત સ્થાપત્ય વૈભવને કાવ્યાત્મક શબ્દોમાં આ રીતે અંકિત કરી શકાય:

**"પથ્થરના હૃદયમાં પણ કેવી અનોખી લય ધબકે છે, જ્યારે એક મિનારો ઝૂલે ત્યારે આખી સૃષ્ટિ સ્તબ્ધ બને છે."**

બ્રિટિશ હકુમત દરમિયાન અંગ્રેજ વૈજ્ઞાનિકો અને ઈજનેરોએ આ રહસ્યને સમજવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. તેમણે આ કંપનની પાછળનું વિજ્ઞાન જાણવા માટે ગોમતીપુરના એક મિનારાના કેટલાક પથ્થરો પણ હટાવ્યા હતા, પરંતુ તેઓ તેની પાછળની મૂળ તકનીકી શોધવામાં તદ્દન અસમર્થ રહ્યા હતા. આજના આધુનિક યુગમાં આપણે ભૌતિક બાંધકામો તો બહુ મોટા અને ગગનચુંબી કરીએ છીએ, પરંતુ પ્રાચીન સમયના કારીગરો પાસે પદાર્થ વિજ્ઞાન અને સ્થાપત્યનું જે ગહન જ્ઞાન હતું, તે આજે આધુનિક સાધનો વચ્ચે પણ આશ્ચર્ય પેદા કરે છે. નિઃસ્વાર્થ કળા અને વિજ્ઞાનના આ પરમ મિલનને લોકહૃદય હંમેશાં આ રીતે બિરદાવે છે:



**"વિજ્ઞાન ગમે તેટલું આગળ વધે પણ આ રહસ્ય અકળ રહે છે, અમદાવાદના આ મિનારાઓમાં આપણો પ્રાચીન વૈભવ લહેરે છે."**

આજે એકવીસમી સદીમાં ભારત જ્યારે વૈશ્વિક ફલક પર પોતાની સાંસ્કૃતિક અસ્મિતા અને શૈક્ષણિક વિરાસતનો પરચો આપી રહ્યું છે, ત્યારે આ ઝૂલતા મિનારા આપણને આપણા ભવ્ય ઈતિહાસનું સંવર્ધન કરવાનો સંદેશ આપે છે. આ ઐતિહાસિક સ્થાપત્ય આપણી આવનારી પેઢીઓને સાચા અર્થમાં સક્ષમ, જિજ્ઞાસુ અને કલાપ્રેમી બનાવવામાં મોટી પ્રેરણા પૂરી પાડે છે. પૃથ્વીના સીમાડા ઓળંગીને વિશ્વભરના પ્રવાસીઓ અને સંશોધકોને આકર્ષિત કરતો આ સ્થાપત્યનો વિજયધ્વજ સદીઓ સુધી ગર્વથી લહેરાતો રહેશે અને આપણી અપ્રતિમ અસ્મિતાનો સાક્ષી બની રહેશે તે સુનિશ્ચિત છે.

**- રૂપેશ સોલંકી**

# બાંગ્લાદેશને મળ્યા નવા રાષ્ટ્રપતિ, મિર્ઝા ફખરુલ ઇસ્લામ આલમગીર જીત્યા

### વિરોધ પક્ષના ઉમેદવારને 167 મતોથી હરાવ્યા, 35 વર્ષ પછી ચૂંટણી થઇ



બાંગ્લાદેશમાં રાષ્ટ્રપતિ ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. સત્તાધારી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના ઉમેદવાર મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીર દેશના 23મા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. તેમને સંસદમાં 255 મત મળ્યા, જ્યારે વિપક્ષી ગઠબંધનના ઉમેદવાર કર્નલ (નિવૃત્ત) ઓલી અહેમદને 88 મત મળ્યા. રાષ્ટ્રપતિ ચૂંટણી માટે ગુરુવારે સંસદ ભવનમાં બપોરે 2 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી મતદાન થયું. મતદાન સમાપ્ત થતાં જ મતોની ગણતરી શરૂ કરવામાં આવી અને ત્યારબાદ પરિણામો જાહેર કરવામાં આવ્યા. આ ચૂંટણીમાં કુલ 349 સાંસદોએ મતદાન કર્યું. બાંગ્લાદેશમાં રાષ્ટ્રપતિને જનતા સીધા ચૂંટતી નથી, પરંતુ સંસદના સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે. સંસદમાં BNP પાસે બે-તૃતીયાંશ બહુમતી હોવાને કારણે આલમગીરની જીત પહેલેથી જ લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી હતી.



### 14 અસરગ્રસ્ત ગામોમાં આગામી પાંચ દિવસ સુધી સ્થળ સર્વે અને ગ્રામસભાઓ યોજાશે

# દિલ્હી-મુંબઈ કોરિડોરથી અસરગ્રસ્ત ગામોની સમસ્યાઓના ઉકેલ માટે વહીવટી તંત્ર સક્રિય



દાહોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લામાં દિલ્હી-મુંબઈ કોરિડોરના નિર્માણને કારણે અસરગ્રસ્ત ગામોમાં ઊભી થયેલી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. અસરગ્રસ્ત ગ્રામજનોની સમસ્યાઓનો સ્થળ પર જ તાગ મેળવી યોગ્ય ઉકેલ લાવવા માટે સંબંધિત વિભાગોના અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, NHAI સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમિતિ દ્વારા દિલ્હી-મુંબઈ કોરિડોરથી અસરગ્રસ્ત દાહોદ જિલ્લાના કુલ 14 ગામોમાં આગામી પાંચ દિવસ દરમિયાન રૂબરૂ મુલાકાત લઈ સ્થળ સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન અસરગ્રસ્ત ગામોમાં ગ્રામસભાઓ યોજી ગ્રામજનોની સમસ્યાઓ અને રજૂઆતો પણ સાંભળવામાં આવી રહી છે.

આ કામગીરીના ભાગરૂપે આજે ચાટકા અને છાયણ ગામે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં દિલ્હી-મુંબઈ કોરિડોરથી અસરગ્રસ્ત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અધિકારીઓ સમક્ષ પોતાની વિવિધ સમસ્યાઓ અને રજૂઆતો રજૂ કરી હતી. ગ્રામજનો દ્વારા ખાસ કરીને વીજળી, પીવાના પાણીની સુવિધા, અવરજવર માટેના રસ્તા તથા અન્ય સ્થાનિક સુવિધાઓ અંગે પ્રશ્નો અને રજૂઆતો કરવામાં આવી હતી. અધિકારીઓએ ગ્રામજનોની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી સમસ્યાઓ અંગે જરૂરી માહિતી મેળવી હતી.

ગ્રામસભા ઉપરાંત અધિકારીઓ દ્વારા કોરિડોરથી અસરગ્રસ્ત વિસ્તારોનું સ્થળ પર જઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્થળ પરની વાસ્તવિક પરિસ્થિતિ, ગ્રામજનોને પડતી મુશ્કેલીઓ તથા ઉપલબ્ધ સુવિધાઓ અંગે અધિકારીઓ દ્વારા માહિતી મેળવવામાં આવી હતી.

વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની સમસ્યાઓ માત્ર કાગળ પર નહીં પરંતુ સ્થળ પર જઈને સમજવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગ્રામજનોની રજૂઆતો અને સ્થળ નિરીક્ષણના આધારે જરૂરી કાર્યવાહી હાથ ધરી સમસ્યાઓના યોગ્ય ઉકેલ માટે આગળની કામગીરી કરવામાં આવશે.

## અમરાપરમાં જુગાર રમતા 7 પત્તા પ્રેમીઓ પર જેતપુર તાલુકા પોલીસની રેડ

જેતપુર, સુરેશ ભાલીયા



જેતપુર તાલુકાના અમરાપર ગામની સીમમાં જાહેરમાં બેસીને જુગાર રમતા જુગારીઓ સામે જેતપુર તાલુકા પોલીસે તવાઈ બોલાવી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સાત જુગારીઓને રંગેહાથ ઝડપી પાડી 12,130ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જેતપુર તાલુકાના પોલીસના પીઆઈ એમ.એલ.આહિર માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન હેડ.કોન્સ નિશાંતભાઈ પરમાર તથા પો.કોન્સ પ્રદ્યુમનસિંહ વાધેલા તથા ઝવેરભાઈ સારલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે અમરાપર ગામની સીમમાં જાહેર સ્થળે જુગાર રમાતો હોવાની માહિતી મળતા ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ પહોંચતા જુગાર રમતા શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે પોલીસે ઘેરાબંધી કરી સાતેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ભીખુભાઈ મગનભાઈ કુવારદા (ઉ.વ. 32), દલસુખભાઈ નારણભાઈ ઉંધાડ (ઉ.વ. 44), રવજીભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ. 48), ભરતભાઈ હરસુખભાઈ મકવાણા (ઉ.વ. 27), શામજીભાઈ કાળુભાઈ કુવારદા (ઉ.વ. 35), ધીરૂભાઈ નાગજીભાઈ જોટાણીયા (ઉ.વ. 46) અને રોહિતભાઈ મધુભાઈ પીલુકીયા (ઉ.વ. 34)નો સમાવેશ થાય છે. તમામ આરોપીઓ અમરાપર ગામ, તા. જેતપુર, જિ. રાજકોટના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું છે.

### પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાનો ખેડૂતોનો આક્ષેપ

# ગોધરામાં ખાતર લેવા માટે ખેડૂતોની લાંબી લાઇનો લાગી





ગોધરા

ગોધરા શહેરના APMC માર્કેટિંગ યાર્ડ ખાતે આવેલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘના ડેપોમાં ખાતરનો જથ્થો ખૂટી પડ્યો છે. જેના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાતર મેળવવા માટે જિલ્લા સહકારી સંઘ ખાતે ખેડૂતોની લાંબી કતારો જોવા મળી રહી છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, તેમને છેલ્લા બે થી ચાર દિવસથી ખાતર લેવા માટે સતત ધક્કા ખાવા પડી રહ્યા છે. પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાને કારણે ખેડૂતોને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાની ફરજ પડી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ખાતરની અછત જેવી સ્થિતિને પગલે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતો માંગ કરી રહ્યા છે કે, સહકારી સંઘના ડેપો ખાતે ખાતરનો પૂરતો જથ્થો તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે અને તેમને સરળતાથી ખાતર મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે.

બીજી તરફ, જિલ્લાના સ્થાનિક ખાતર વેપારીઓ પાસે પણ પૂરતો જથ્થો પહોંચી રહ્યો ન હોવાની માહિતી સામે આવી છે. આ સ્થિતિને કારણે ગોધરા સહિત સમગ્ર પંથકમાં ખાતરની તીવ્ર અછત સર્જાઈ હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. ખેડૂતોને સમયસર અને પૂરતું ખાતર મળી રહે તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી રહી છે.

# આણંદમાં મહિને 250 ડોગ બાઇટના કેસ: 1.80 કરોડનો ઇજારો રાખનાર એજન્સીએ 35 કૂતરા પકડી કામ બંધ કર્યું

આણંદ



આણંદ મનપામાં જોડાયેલા વિદ્યાનગર, કરમસદ સહિત ચાર ગામોમાં 18 હજારથી વધુ રખડતાં કુતરાનો ત્રાસ વધી ગયો છે. દર માસે 250થી કુતરા કરડવાના કિસ્સા નોંધાયા રહ્યાં છે. ગત વર્ષે શહેરમાં 2150થી વધુ લોકોને કુતરા કરડવાની ફરિયાદો ઉઠવા પામી હતી.

જેથી મનપા દ્વારા રખડતા કુતરાની ગણતરી અને ખસીકરણ માટે ગત એપ્રિલ માસમાં દાહોદની એક એજન્સીને રૂ 1.80 કરોડોનો કોન્ટ્રાકટ આપ્યો હતો. એજન્સી દ્વારા શ્વાનની ગણતરી કરીને 35 જેટલા રખડતાં શ્વાને પકડી પાડયા હતા. ત્યારે આણંદ કેટલીક પશુપ્રેમી સંસ્થાઓ દ્વારા વિરોધ નોંધાવ્યો હતો. જેથી એજન્સી એક પણ રૂપિયાનું બિલ લીધા વિના જ કામ પડતું મુકી દીધું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આણંદ શહેરમાં દરેક વોર્ડ સરેરાશ 1400થી વધુ રખડતાં શ્વાન જોવા મળે છે. કેટલાંક વિસ્તારમાં રખડતાં શ્વાન ઝુંડ ફરતાં હોય છે. નાના બાળકો કે વૃદ્ધો પર હુમલો કરે છે. શહેરમાં દૈનિક 8 થી વધુ લોકો શ્વાનના હુમલાનો ભોગ બની રહ્યાં છે.

તેમજ રાત્રિના સમયે શ્વાન સતત ભસતા હોવા લોકોની ઊંઘ ઊડી જાય છે તેમ છતાં માત્ર એકાદ બે પશુપ્રેમી સંસ્થાના વિરોધને કારણે મનપા કોન્ટ્રાક્ટરે કામગીરી પડતી મુકીને 2.75 લાખ લોકો માટે જોખમ ઊભુ કર્યું છે. કેટલું વ્યાબી ગણાય તેવો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. એજન્સીએ કામગીરી બંધ કરી ઈજારો છોડી દેતા હવે નવેસરથી પ્રક્રિયા હાથ ધરવા તજવીજ શરૂ કરાઈ છે.

આણંદમાં અમીન રેલવે ફાટક નથાક ટીપી 8 માં મનપાનો ફાઈનથ પ્લોટ નં, 54ની 1300 ચો.મી. જગ્યામાં કુતરાંઓના ખસી કરવા માટે આધુનિક પદ્ધતિનું એનીમલ બર્થ કંટ્રોલ સેન્ટર તૈયાર કરવામાં આવી રહ્યું છે. અંદાજે 1.75 કરોડના ખર્ચે તૈયાર થનાર સેન્ટરનું આવા ઉપરાંતની કામગીરી પુરી થઈ છે. આગામી 2 માસમાં સંપૂર્ણ સેન્ટર તૈયાર થઈને કાર્યરત કરવામાં આવનાર છે. આ સેન્ટરમાં એકસમયે 195 કૂતરા સલામત રીતે રહી શકે છે. પરંતુ હવે શ્વાન પકડવા માટે કોઈ એજન્સી કે મનપા પાસે ટીમ નથી.

## ચુંદડીવાળા માતાજીના આશ્રમે 97મો જન્મ મહોત્સવ ઉજવાયો

### નવચંડી યજ્ઞ, આરતી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા

બનાસકાંઠા

ગબ્બર પર્વત નજીક પહાડો વચ્ચે આવેલા ચુંદડીવાળા માતાજીના આશ્રમ ખાતે 97મો જન્મ મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો. દર વર્ષે શ્રાવણ સુદ આઠમના રોજ આ જન્મ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.



આ મહોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ, જન્મ મહોત્સવ આરતી સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આદિવાસી સમાજ દ્વારા પરંપરાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ભક્તોએ કેક કાપીને માતાજીના ગરબા રમીને ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ચુંદડીવાળા માતાજીને બ્રહ્મલીન થયે છ વર્ષ વીતી ગયા છે, તેમ છતાં ભક્તો મોટી સંખ્યામાં તેમના આશ્રમે દર્શન કરવા આવે છે. ભક્તોનું માનવું છે કે માતાજી ભલે શારીરિક રૂપે હાજર ન હોય, પરંતુ આત્મા રૂપે તેઓ અહીં સદૈવ બિરાજમાન છે.

આ પ્રસંગે મંદિરમાં અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. ભક્તોએ માતાજીની સમાધિના દર્શન કરી આરતીમાં જોડાઈને ધન્યતા અનુભવી હતી.

### છોટાઉદેપુરમાં પ્રયોગોના નામે જનતાના કરોડો રૂપિયાનો ધુમાડો

# કન્ટેનર શાળાથી લઈને રોડ સ્વીપર મશીન સુધી માત્ર ભ્રષ્ટાચારની બોલબાલા

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લો જાણે કે ગાંધીનગરમાં બેઠેલા સરકારી બાબુઓ અને સ્થાનિક તંત્ર માટે નવતર પ્રયોગો કરવાની ખુલ્લી લેબોરેટરી બની ગયો હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના છેવાડાના આ આદિવાસી વિસ્તારના વિકાસ માટે ફાળવવામાં આવતા બજેટ અને સ્થાનિક નાગરિકોના ટેક્સના પરસેવાની કમાણીના નાણાંનો તંત્ર અને નગરપાલિકાના જવાબદારો દ્વારા ઉઘાડેછોગ દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. શિક્ષણનું સ્તર સુધારવાના મોટા-મોટા દાવાઓ વચ્ચે લાખો-કરોડો રૂપિયાના ખર્ચે કન્ટેનર શાળાઓ ઊભી કરીને કોની-કોની ખાનગી એજન્સીઓના ખિસ્સા ભરાઈ રહ્યા છે, તે પ્રશ્ન હવે ઉચ્ચ કક્ષાએ પહોંચવો અત્યંત જરૂરી બન્યો છે. છોટાઉદેપુર નગરપાલિકાની બેદરકારી અને આયોજન વગરના વહીવટનો ઉત્તમ નમૂનો એટલે પ્રજાના નાણાંમાંથી ખરીદાયેલું રોડ સ્વીપર મશીન. લાખો રૂપિયાના ખર્ચે મશીન ખરીદી લેવાયું, પરંતુ તેને ચલાવવા માટે યોગ્ય ડ્રાઈવર કે ઓપરેટરની ભરતી કરવાની તસ્દી સુદ્ધાં લેવાઈ નથી. પરિણામે, આ મોંઘાદાટ મશીન આજે એક ખૂણામાં ધૂળ ખાતું પડી રહ્યું છે. સફાઈના નામે ખરીદાયેલા સાધનો જ જો ધૂળધાણી થઈ રહ્યા હોય, તો પછી નાગરિકોની સુવિધાના નામે ફાળવાતી ગ્રાન્ટ ક્યાં વપરાય છે તે તપાસનો મોટો વિષય છે. અંદરના અનેક સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી માહિતી મુજબ, નગરપાલિકાના પદાધિકારીઓ અને સરકારી અધિકારીઓ વચ્ચે એક ચોક્કસ નેક્સસ (સાંઠગાંઠ) કામ કરી રહ્યું છે. તકલાદી અને કાગળ પર ચાલતા પ્રોજેક્ટ્સ મંજૂર કરાવીને બિલ પાસ કરી લેવાની અને મોટો વહીવટ કરી લેવાની નીતિ બેફામ બની છે. સ્થાનિક નાગરિકો રસ્તા, પાણી અને સફાઈ જેવી પાયાની સુવિધાઓ માટે ઝૂરતા રહ્યા છે અને ભ્રષ્ટાચારીઓની તિજોરીઓ સતત ભરાતી રહી છે. દરેક ફાલતુ, બિન-વ્યવહારુ અને કાગળ પરના પ્રોજેક્ટ્સ માત્ર છોટાઉદેપુરના શિરે જ કેમ મઢી દેવામાં આવે છે? શું આ જિલ્લો અને અહીંના નાગરિકો માત્ર અધિકારીઓની કમાણીનું સાધન બની ગયા છે? હવે સમય આવી ગયો છે કે મુખ્યમંત્રી કાર્યાલય અને સંબંધિત વિજિલન્સ વિભાગ આ બાબતની ગંભીર નોંધ લે.

## પડધરીમાં ગેરકાયદેસર મોરમ ખનન પર એસ.ઓ.જી.નો દરોડો: 34.50 લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ



રાજકોટ રેન્જ ડી.આઈ.જી. નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ વડા વિજય સિંગ ગુર્જરની સૂચનાથી રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાના પી.આઈ. એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જી.જે.ઝાલા તથા પી.બી.મિશ્રા અને સ્ટાફ પડધરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન હેડ.કોન્સ નૈમિષભાઈ મહેતાને મળેલી સચોટ બાતમીના આધારે એસ.ઓ.જી.એ પડધરી તાલુકાના નાનાવડા ગામની સીમમાં ચેક ડેમ પાસે રેડ પાડી હતી. આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી સોફ્ટ મોરમ (તાસ) નું ગેરકાયદેસર ખનન અને વહન કરતા આરોપી ઉમેશભાઈ ભુરાભાઈ પાંભર (રહે. મવડી, રાજકોટ) ને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂપિયા ૩૪,૫૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં રૂપિયા ૩૦ લાખનું જેસીબી મશીન, રૂપિયા ૩.૪૦ લાખનું મોરમ ભરેલું ટ્રેક્ટર અને રૂપિયા ૧ લાખની કિંમતનો આશરે ૨૦૦ મેટ્રિક ટન સોફ્ટ મોરમનો જથ્થો સામેલ છે. જપ્ત કરાયેલા વાહનો અને મોરમના જથ્થા અંગે કાયદેસરનો દંડ વસૂલવા માટે રાજકોટ ખાણ-ખનિજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રીને આગળની કાર્યવાહી અર્થે રિપોર્ટ સોંપવામાં આવ્યો છે.

### બોડેલીમાં ફૂડ વિભાગની તવાઈ

## ખાણીપીણીની દુકાનોમાં સઘન ચેકિંગ ફૂડ વિભાગની ટીમ દ્વારા જરૂરી ખાદ્ય પદાર્થોના નમૂના પણ લેવામાં આવ્યા

બોડેલી, ઇમરાન મિર્ઝા

બોડેલી તાલુકામાં ફૂડ વિભાગ વડોદરાની ટીમ દ્વારા ખાણીપીણીની લારીઓ, હોટલો અને ફરસાણની દુકાનો સહિત વિવિધ સ્થળોએ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.



ફૂડ ટેસ્ટિંગ ઓન વ્હીલ્સ મોબાઈલ લેબ દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને ભેળસેળની પ્રાથમિક ચકાસણી સ્થળ પર જ કરવામાં આવી હતી. બોડેલી અલીપુરા ચોકડી, બસ સ્ટેન્ડ વિસ્તાર અને બોડેલી બજાર સહિતના વિસ્તારોમાં ફૂડ વિભાગની ટીમે ચેકિંગ હાથ ધર્યું હતું.

ચેકિંગ દરમિયાન ખાણીપીણીના સ્થળોએ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા અને હાઈજિન અંગે તપાસ કરવામાં આવી હતી. સાથે જ મોબાઈલ ‘ફૂડ ટેસ્ટિંગ ઓન વ્હીલ્સ’ લેબ દ્વારા વિવિધ ખાદ્ય પદાર્થોની પ્રાથમિક તપાસ સ્થળ પર જ કરવામાં આવી હતી. ફૂડ વિભાગની ટીમ દ્વારા જરૂરી ખાદ્ય પદાર્થોના નમૂના પણ લેવામાં આવ્યા હતા. ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની શક્યતા અને ગુણવત્તા અંગે પણ તપાસ કરવામાં આવી હતી.

આ ઉપરાંત હોટલ અને ખાણીપીણીના સંચાલકોને ફૂડ સેફ્ટી, સ્વચ્છતા અને હાઈજિન જાળવવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

## વડોદરામાં નવરાત્રિના તહેવારને રક્તરંજિત કરનારા 5 નરાધમો અદાલતમાં ગુનેગાર ઠેરવાયા

વડોદરા

વડોદરામાં વર્ષ 2024ની નવરાત્રિના બીજા નોરતે આચરવામાં આવેલી અમાનુષી અને હૃદયકંપાવનારી ઘટનામાં આખરે ન્યાયનો પ્રથમ અને મજબૂત તબક્કો પૂર્ણ થયો છે. સમગ્ર રાજ્યને ઝંઝોtopic દેનારા આ ચકચારી કેસમાં અદાલતે તમામ પાંચેય આરોપીઓને દોષિત અને ગુનેગાર જાહેર કરી દીધા છે. પાપનો ઘડો ભરાઈ ગયા બાદ હવે આ નરાધમોના ભાવિનો ફેંસલો આગામી 25મી તારીખે અદાલત દ્વારા સંભળાવવામાં આવશે, જ્યાં તેમની સજાનું એલાન થશે. કોર્ટરૂમમાં ચાલેલી કાનૂની જંગ દરમિયાન સરકારી વકીલોએ ધારદાર અને અકાટ્ય દલીલો રજૂ કરીને ગુનેગારોના બચાવના તમામ રસ્તા બંધ કરી દીધા હતા. કેસને જડબેસલાક બનાવવા માટે તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલા સીસીટીવી ફુટેજ અને ટેકનિકલ ફોરેન્સિક પુરાવાઓ અદાલતમાં અત્યંત મજબૂત સાબિત થયા હતા. આ ઉપરાંત, કેસ દરમિયાન કૂલ 45 જેટલા મહત્વના સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી, જેમના નિવેદનોએ આરોપીઓની કરતૂતોનો પર્દાફાશ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# આદમખોર દીપડાના હુમલામાં મૃતક વૃદ્ધાના પરિવારને 10 લાખની સહાય અર્પણ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા



છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આદમખોર દીપડાના શિકાર બનેલા વૃદ્ધાના પરિવારને વહારે આવ્યું વહીવટી તંત્ર રાજ્યસભા સાંસદના હસ્તે રૂ. ૧૦ લાખની સહાયનો ચેક અર્પણ. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના રાયસિંગપુરા ગામે ખાટીયાબારી ફળિયું થોડા દિવસો અગાઉ રાયસિંગપુરા ગામે એક આદમખોર દીપડાએ આશરે ૬૫ વર્ષીય વૃદ્ધાને પોતાના ઘરના પાછળના ભાગે આવેલી ઓરડીમાં સૂતી હતી તે દરમિયાન ઘસડીને જંગલ તરફ ખેંચી ગયો હતો.

દીપડાના આ હુમલામાં વૃદ્ધાનું કરુણ મોત નીપજ્યું હતું, જેને લઈને સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ ગંભીર ઘટના બાદ વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) દ્વારા મૃતક વૃદ્ધાના પરિવારને સહાયરૂપે રૂ. ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ રૂપિયા) નો ચેક મંજૂર કરવામાં આવ્યો હતો. રાજ્યસભાના સાંસદ મુકેશભાઈ રાઠવાના હસ્તે આ સહાયનો ચેક પીડિત પરિવારને સુપરત કરવામાં આવ્યો હતો. સાંસદના હસ્તે સહાય મળતા પરિવાર તથા ગ્રામજનોમાં સંતોષ અને હર્ષની લાગણી ફેલાઈ હતી. આ સહાય અર્પણ વિધિના કાર્યક્રમ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર, ડી.એફ.ઓ. (DFO) રૂપક સોલંકી તેમજ ગામના સરપંચ અને અગ્રણીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. વન્યપ્રાણીઓના હુમલા કે માનવ-પશુ સંઘર્ષની આવી દુર્ઘટનાઓમાં સરકાર દ્વારા નિયમોનુસાર પીડિત પરિવારોને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, જેથી પરિવારને આર્થિક મુશ્કેલીમાંથી રાહત મળી રહે.



### કંગનાએ બાબા રામદેવના નિવેદન પર ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શૅર કરીને જવાબ આપ્યો

# કંગનાએ બાબા રામદેવ પર સાધ્યું નિશાન, કહ્યું- ‘મારી જવાનીના સપના ન જુઓ’

મુંબઈ

એક સમયે બાબા રામદેવ પોતાના યોગના કારણે જાણીતા હતા હવે પોતના નિવેદનને કારણે રાજકીય લોબીમાં ચર્ચામાં છે. યોગ ગુરુ બાબા રામદેવની ક્લાસ સાંસદ કંગના રણૌતે લઈ લીધા છે. ગટરવાળા નિવેદન પર વાત કરતા કંગના રણૌતે પોતાની વાત શૅર કરી છે. કંગનાએ ચોંકાવનારું નિવેદન આપતા કહ્યું છે કે બાબા મેરી જવાની કે બારે મેં સપને મત દેખો. એટલે બાબા રામદેવજી મારી જુવાની કે બેડરૂમ અંગે દિવસમાં પણ સપનું જોશો નહીં. મૂળ મુદ્દો એ હતો કે, કંગનાના ગટરવાળા નિવેદન પર રામદેવ બાબાએ વાત કરી હતી. તેમણે એવું કહ્યું હતું કે, એનું બાળપણ કેવુ રહ્યું, જવાની કેવી રહી, પહેલાના કારનામા કેવા રહ્યા એ અંગે હું કોઈ વાતચીત કરવા માગતો નથી. હવે વાતચીત ન કરવાની વાતને લઈને કંગના અને બાબા રામદેવ વચ્ચે હવે શાબ્દિક ટપાટપી શરૂ થઈ ગઈ છે. કંગનાએ બાબા રામદેવના નિવેદન પર ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શૅર કરીને જવાબ આપ્યો છે. કંગના એ લખ્યું કે, બાબાજી, મારી જુવાની કે બેડરૂમ અંગે તમે દિવસના સમયે પણ સપના ન જોવો. કોઈ અફવા અને ગોસિપના આધારે માત્ર અંદાજો લગાવી શકે છે. કમ સે કમ મને ક્યારેક સુપ્રીમ કોર્ટ તરફથી ખોટા મેડિકલ દાવો માટે કોઈ દિવસ ઠપકો પણ મળ્યો નથી. મને મહેરબાની કરીને કેરેક્ટરની શિખામણ ન આપો. આમ કહીને તેણે બાબા રામદેવ બાબાને ટોણો મારી દીધો હતો. કંગનાએ કહ્યું કે, તમારી વાત કરતા મારૂ કેરેક્ટર વધુ શ્રેષ્ઠ છે. આ એ સમયની વાત છે જ્યારે કંગનાએ જંતરમંતર પર ’જેન ઝી’એ કરેલા આંદોલન મુદ્દં કંગનાએ ગટરછાપ વાળું નિવેદન આપ્યું હતું. આ વિષય પર બાબા રામદેવે કહ્યું હતું કે, જેન-ઝીને ગટર કહેવી એ બગડી ગયેલા દિમાગની નિશાની છે. આ બિલકુલ ખોટી વાત છે અને અયોગ્ય વાત છે. ખરેખર તો આવું ન થવું જોઈએ. પાર્ટીએ આવા લોકો સામે વાંધો ઊઠાવવો જોઈએ.આજે યુવાવર્ગ એક મોટી તાકાત સમાન છે. એને કોઈ નકારી શકે એમ નથી. એ વાત સાચી છે કે યુવાનોમાં નકારાત્મક તત્ત્વ છે.એને દેશ ક્યારેય સ્વીકારતો નથી. પણ યુવાનોના હકની વાત પર અવાજ ઊઠાવનારાને કોઈ મહોરૂ ન પહેરાવી શકાય.

**કંગનાએ કહ્યું કે, તમારી વાત કરતા મારૂ કેરેક્ટર વધુ શ્રેષ્ઠ છે.**

# ‘King’ માટે SRKએ શરૂ કરી ફાઇનલ તૈયારી

## આ ફિલ્મ શાહરૂખ ખાનની ફિલ્મ 'પઠાણ' પછીની બીજી મોટી ફિલ્મ બની રહેશે

મુંબઈ

બોલિવૂડના કિંગ ખાન પોતાની નવી ફિલ્મની તૈયારીમાં લાગી ગયા છે. ફિલ્મ ’કિંગ’નું પોસ્ટર સોશિયલ મીડિયા પર આવ્યા બાદ ફેન્સ એ જાણવા માટે આતુર છે કે, આખરે આ ફિલ્મમાં શું હશે અને તેની સાથે કઈ એક્ટ્રેસને ચાન્સ મળશે. આ વર્ષના અંતમાં આ ફિલ્મ રિલીઝ થવાની છે. આ ફિલ્મને લઈને હવે તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. આ ફિલ્મને લઈને મેકર્સને ઘણી સારી આશા છે. ફેન્સને પણ એવી આશા છે કે, આ ફિલ્મ મનોરંજનની સાથે મેસેજ આપી જશે. આ ફિલ્મથી કિંગ તેની દીકરી સુહાનાને ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરાવી રહ્યો છે. થોડા સમય પહેલા એવા વાવડ મળ્યા હતા કે, તે ટૂંક સમયમાં જ ફિલ્મનો અંતિમ શેડ્યુલ ખતમ કરી દેવામાં આવશે. એક નવા રિપોર્ટ અનુસાર આ ફિલ્મનું અંતિમ તબક્કાનું શુટિંગ શરૂ થઈ ચૂક્યું છે, શાહરૂખ ખાન પણ શુટિંગ ખતમ કરવા માટે કામ કરી રહ્યો છે. લાસ્ટ શેડ્યુલમાં ગીતનું શુટિંગ થઈ રહ્યું હોવાના વાવડ સામે આવ્યા છે. આ ફિલ્મ 24 ડિસેમ્બરના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે. હવે પ્રોડક્શન હાઉસ સાથે જોડાયેલા સૂત્રો ત્યાં સુધી કહે છે કે, રિલીઝના સમયમાં ફેરફાર થઈ શકે છે. શુટિંગનો છેલ્લો તબક્કો ફરી શેડ્યુલ થયો છે. જેમાં એક ગીતનું શુટિંગ કરવામાં આવી રહ્યું છે. આ શેડ્યુલને મહત્ત્વનો માનવામાં આવે છે કારણ કે, આ ફિલ્મ પ્રોડક્શન તથા કેમ્પેઈન મોડ પર પહેલા કામ થશે. આ પછી તૈયારીઓ બીજી શરૂ થશે. અંતિમ શેડ્યુલમાં કિંગ ખાન ઘણા એસાઈમેન્ટ પર કામ ખતમ કરી શકે છે. આ મહિનાના અંત સુધીમાં ફિલ્મનો છેલ્લો શુટિંગ શેડ્યુલ ખતમ થઈ જશે.VFXનું કામ ખતમ થઈ ચૂક્યું છે. આ સિવાય કેટલાક સાઉન્ડટ્રેક પણ ફાઈનલ કરી દેવામાં આવ્યા છે.



# અક્ષરા સિંહે સોશિયલ મીડિયા પર પોતાનો ગ્લેમરસ અવતાર શેર કર્યો

## ઇન્સ્ટાગ્રામ પર પોતાની સુંદર તસવીરો પોસ્ટ કરતા અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું, તે ચુપચાપ એ બની રહી છે જેની તેને ઇચ્છા હતી

મુંબઈ

ભોજપુરી સિનેમાની જાણીતી અભિનેત્રી અને ગાયિકા અક્ષરા સિંહે સોશિયલ મીડિયા પર પોતાનો નવો ગ્લેમરસ અવતાર શેર કર્યો છે. અભિનેત્રી સાથે સિંગર અક્ષરા સિંહે સોશિયલ મીડિયા પર પોતાનો ગ્લેમરસ અને સ્ટાઈલિશ લુક શેર કર્યો છે. ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પોતાની સુંદર તસવીરો પોસ્ટ કરતા અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું, તે ચુપચાપ એ બની રહી છે જેની તેને ઈચ્છા હતી.

ભોજપુરી અભિનેત્રી અક્ષરાએ સિંહ હંમેશાં પોતાના સુંદર અને આકર્ષક અંદાજના લીધે ચાહકોના દિલો પર રાજ કરે છે. તે સોશિયલ મીડિયા પર ઘણી સક્રિય રહે છે. તે પોતાની શાનદાર તસવીરો પણ શેર કરે છે, જેમાં તેના ટ્રેડિશનલ અને વેસ્ટર્ન અંદાજની ઝલક જોવા મળી હતી. અક્ષરા સિંહ પોતાના કરિયરની શરૂઆત ભોજપુરી ફિલ્મ ’સત્યમેવ જયતે’થી કરી હતી. વર્ષ 2010માં આવેલી આ ફિલ્મમાં અક્ષરા સિંહ અને રવિ કિશને સાથે કામ કર્યું હતું. આ સિવાય અભિનેત્રીએ પવન સિંહ, ખેસારી લાલ યાદવ અને દિનેશ લાલ યાદવ ’નીરહુઆ’ જેવા દિગ્ગજો સાથે પણ ઘણી ફિલ્મો કરી છે. ભોજપુરી ફિલ્મોની સાથે અક્ષરા સિંહે હિન્દી સિરિયલમાં પણ કામ કર્યું છે, જેમાં ’કાલા ટીકા’, ’સાવધાન ઈન્ડિયા’ અને ’સૂર્યપુત્ર કર્ણ’ જેવા શો સામેલ છે. અક્ષરા સિંહ ભોજપુરી સિનેમા અને હિન્દી ટીવી સિરીયલ સિવાય વર્ષ 2021માં રિયાલિટી શો ’બિગ બોસ ઓટીટી’ સિઝન એકનો ભાગ રહી હતી. અક્ષરા સિંહે ફિલ્મ ’વેલકમ ટૂ ધ જંગલ’થી બોલીવુડમાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મનું ગીત ’ઘીસ ઘીસ ઘીસ’માં તે અક્ષય કુમાર સાથે દેખાઈ હતી. આ ગીત ઘણું હિટ રહ્યું હતું. ’વેલકમ ટૂ ધ જંગલ’ ફિલ્મ બાદ હવે અક્ષરા સિંહને એક મોટી ફિલ્મ હાથ લાગી છે. તે શ્રદ્ધા કપૂરની આવનારી ફિલ્મ ’ઈઠા’માં જોવા મળશે. આ ફિલ્મ સિનેમાઘરોમાં 4 ડિસેમ્બરે રિલીઝ થશે.






# ‘આવારાપન 2’ની ધમાકેદાર સફળતા બાદ આવશે ‘આવારાપન 3’?

## ફિલ્મમાં મુખ્ય વિલન ભલે શબાના આઝમી હોય પણ વિલન તરીકે પુરન ગબ્બીની એક્ટિંગના ફેન્સ વખાણ કરી રહ્યા છે


મુંબઈ

ઈમરાન હાશમીની ફિલ્મ ’આવારાપન-2’ થિયેટર્સમાં સારી ચાલી રહી છે. ફિલ્મે તાજેતરમાં કમાણીના મામલે 100 કરોડનું ક્લેક્શન કરી લીધું છે. વાવડ એવા મળી રહ્યા છે કે, હવે ફિલ્મનો ત્રીજો ભાગ આવશે. આ ફિલ્મમાં જે રીતે સ્ટોરી છેલ્લે ઈમરાન પર આવીને એટકે છે એ જ સ્ટોરીને દિશા આગળ વધારી શકે છે. ભારતીય સ્ક્રિન પરથી પણ ’આવારપન-2’ને સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. વીકએન્ડમાં ફિલ્મે સારી એવી કમાણી કરી હતી. ફિલ્મની સ્ટોરીને લઈને ઈમરાન ત્રીજો ભાગ આવશે એવો ઈશારો પણ કરી ચૂક્યો છે. હવે ફિલ્મના રાઈટર બિલાલ સિદ્દીકીને આ વિષય પર એક અપડેટ શેર કરી છે. સિદ્દીકીએ ’આવારપન-2’માં સ્ટોરીમાં શબાનાના ટ્રેક અંગે વાત કરતા કહ્યું કે, ફિલ્મમાં શબાના આઝમીનું પાત્ર જબરદસ્ત રીતે સ્ટ્રોંગ બતાવાયું છે. આને સ્ક્રિન પર જોઈને ફેન્સને એક શોક લાગ્યો છે. આખુ નેટવર્ક શબાનાના ઈશારે ચાલે છે અને મુખ્ય પાત્રને પણ શબાના જ મેનુપુલેટ કરે છે. પણ આનો અહેસાસ મુખ્ય પાત્રને ફિલ્મમાં ક્યાંય થયો નથી. આ પાત્રને એક મોટા હેતું કે ટાર્ગેટ માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ એક ક્રુર કહી શકાય એવું પાત્ર છે. ત્રીજાભાગ માટે મેં અત્યારે પ્રોડ્યુસર સાથે ખાસ કોઈ વાર્તાલાપ કર્યો નથી. અમારી વચ્ચે માત્ર વાતો થઈ રહી છે. મારે એમને પૂછવું પડશે કે, ફિલ્મને લઈને એમનો પ્લાન શું છે. અમને આશા છે કે, આ વાર્તાને લઈને અમે કંઈક વિચારીશું એ પછી જ કોઈ નિર્ણય લઈશું.પણ ત્રીજો પાર્ટ આવશે તો સૌથી વધારે હું એક્ઝાઈટેડ છું. ’આવારાપન-2’એ પહેલા કરતા થોડી અલગ સ્ટોરી છે. ઈમરાન હાશમીનો નવો લૂક ફેન્સને પસંદ આવી રહ્યો છે. ફેન્સ તેના લૂક પર દિલ ખોલીને વાતો કરી રહ્યા છે. આ ફિલ્મે છ દિવસમાં 107 કરોડનું નેટ ક્લેક્શન અને 128.29 કરોડનું ગ્રોસ ક્લેક્શન કર્યું છે. વર્લ્ડવાઈડ ક્લેક્શનની વાત કરવામાં આવે તો ફિલ્મે 153.59 કરોડની સારી એવી કમાણી કરી લીધી છે.

# સાઉથમાં ડેબ્યુ કરશે અભિનેત્રી અક્ષય ખન્ના મેકર્સે પોસ્ટ શેર કરી આપી માહિતી

મુંબઈ

બોલીવૂડમાં પોતાના દમદાર અભિનય માટે જાણીતો અભિનેતા અક્ષય ખન્ના હાલમાં પોતાના કરિયરના ગોલ્ડન પીરિયડમાંથી પસાર થઈ રહ્યો છે. ’દ્રશ્યમ ટુ’, ’છાવા’, ’ધુરંધર’ અને ’ઈક્કા’ જેવી ફિલ્મોમાં યાદગાર અભિનય આપ્યા બાદ હવે તે સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં મોટો ધડાકો કરવા જઈ રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે અક્ષય ખન્ના આગામી પૌરાણિક ફિલ્મ ’મહાકાલી’ (Mahakali) દ્વારા તેલુગુ સિનેમામાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. ડિરેક્ટર પ્રશાંત વર્મા અને આરકેડી સ્ટુડિયોઝે સોશિયલ મીડિયા પર રહસ્યમય પોસ્ટ શેર કરીને અક્ષય ખન્નાનો પ્રથમ લુક જાહેર કર્યો છે અને સાથે જાહેરાત કરી છે કે ફિલ્મની પહેલી ઓફિશિયલ ઝલક 24મી ઓગસ્ટના રિલીઝ કરવામાં આવશે. આ ફિલ્મમાં અક્ષય ખન્ના ’શુક્રાચાર્ય’ના અતિ ભયાનક અને દમદાર લુકમાં જોવા મળશે. ફિલ્મના મેકર્સ દ્વારા શેર કરવામાં આવેલી તસવીરમાં અક્ષય ખન્ના ઓળખી પણ ન શકાય તેવા ટ્રાન્સફોર્મેશનમાં જોવા મળે છે. લાંબી દાઢી, માથા પર ઊંચો અંબોડો, કપાળ પર તિલક, માટીના રંગના વસ્ત્રો અને પરંપરાગત રુદ્રાક્ષ-આભૂષણો સાથે તેમનો લુક અત્યંત પ્રભાવશાળી અને ડરામણો દેખાઈ રહ્યો છે. આ પોસ્ટ શેર કરતાં મેકર્સે લખ્યું હતું કે 24મી ઓગસ્ટ - અંતની શરૂઆત. તમારી જાણકારી માટે કે ’હનુ-મેન’ (Hanu-Man) ની બ્લોકબસ્ટર સફળતા બાદ ફિલ્મમેકર પ્રશાંત વર્મા ભારતીય પૌરાણિક કથાઓ અને આધુનિક વીએફએક્સને જોડીને એક મોટું યુનિવર્સ બનાવી રહ્યા છે. ’મહાકાલી’ આ સિનેમેટિક યુનિવર્સનો મહત્વનો ભાગ છે. આ ફિલ્મમાં અભિનેત્રી ભૂમિ શેટ્ટી ’મહાકાલી’નું મુખ્ય પાત્ર ભજવી રહી છે, જેનો ફર્સ્ટ લુક પણ દર્શકોને ખૂબ પસંદ આવ્યો હતો. આ ઉપરાંત યુવા અભિનેતા રોહિત સરાફ પણ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. અક્ષય ખન્નાનો આ ક્લાસી લૂક સામે આવતાં જ સોશિયલ મીડિયા પર ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



## માત્ર 131 રનમાં 10 વિકેટ ઝડપી, જે શ્રીલંકાની ધરતી પર કોઈપણ ભારતીય બોલરનું શ્રેષ્ઠ પ્રદર્શન છે

# હરભજન-અશ્વિન પાછળ છૂટી ગયા, માનવ સુથારે રચ્યો ઈતિહાસ

મુંબઈ

શ્રીલંકા સામેની ટેસ્ટ મેચમાં ભારતીય યુવા સ્પિનર માનવ સુથારે પોતાની શાનદાર બોલિંગથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. પોતાની કારકિર્દીની માત્ર બીજી જ ટેસ્ટ મેચ રમી રહેલા માનવ સુથારે 10 વિકેટ ઝડપીને એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. શ્રીલંકાના ગોલ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં તેની સ્પિન બોલિંગ સામે યજમાન ટીમ સંપૂર્ણપણે નિષ્ફળ રહી હતી. ભારતની 165 રનની ભવ્ય જીતમાં માનવ સુથારનું યોગદાન સૌથી મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. માનવ સુથારે ગોલ ટેસ્ટ મેચમાં કુલ 131 રન આપીને 10 વિકેટ મેળવવામાં સફળતા મેળવી છે. તેણે પ્રથમ ઈનિંગ્સમાં 76 રન આપીને 4 વિકેટ ઝડપી હતી. જ્યારે બીજી



ઈનિંગ્સમાં માત્ર 55 રન આપીને 6 વિકેટ પોતાના નામે કરી હતી. આ ધમાકેદાર પ્રદર્શન સાથે તે શ્રીલંકાની ધરતી પર કોઈપણ ટેસ્ટ મેચમાં સર્વશ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન કરનાર ભારતીય બોલર બની ગયો છે. આ અગાઉ વર્ષ 2008માં હરભજન સિંહે અને 2015માં રવિચંદ્રન અશ્વિને ગોલના મેદાન પર 10 વિકેટ ઝડપી હતી. વર્ષ 2008માં હરભજન સિંહે 10 વિકેટ લેવા માટે 153 રન ખર્ચ્યા હતા, જ્યારે 2015માં આર. અશ્વિને 160 રન આપીને 10 વિકેટ લીધી હતી. માનવ સુથારે માત્ર 131 રન આપીને આ સિદ્ધિ મેળવતાં તે આ બંને દિગ્ગજ ખેલાડીઓથી આગળ નીકળી ગયો છે. શ્રીલંકામાં એક ટેસ્ટ મેચમાં 10 વિકેટ લેનારો માનવ સુથાર હવે ત્રીજો ભારતીય બોલર બની ગયો છે. પોતાની બીજી જ ટેસ્ટ રમી રહેલા આ યુવા ખેલાડીના પ્રદર્શનને જોઈને તેને ભારતીય ક્રિકેટ ટીમનો ફ્યુચર સ્ટાર માનવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારત તરફથી સૌથી વધુ વખત (8-8 વાર) 10 વિકેટ હોલ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલે અને આર. અશ્વિનના નામે છે, જ્યારે હરભજન સિંહે 5 વાર અને રવીન્દ્ર જાડેજાએ 3 વાર આ સિદ્ધિ મેળવી છે.

## ગૉલમાં ભારત સામે કારમી હાર બાદ શ્રીલંકન કેપ્ટનનું દર્દ છલકાયું

શ્રીલંકાને ગૉલમાં ભારત સામે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ટીમ ઈન્ડિયા સામે મળેલી કારમી હાર બાદ શ્રીલંકન કેપ્ટન ધનંજય ડી સિલ્વાએ હારનું કારણ જણાવ્યું છે. તેમનું કહેવું છે કે, અમારી ટીમે મેચમાં સારી ફાઈટ આપી, પરંતુ ચોથી ઈનિંગ્સમાં બેટિંગ કરવી સરળ નથી હોતી. ગૉલની પીચ પરથી બીજા દિવસથી જ સ્પિનરોને મદદ મળવા લાગી હતી, જેના કારણે બેટ્સમેનો માટે મુશ્કેલી ઊભી થઈ રહી હતી. બીજી ઈનિંગ્સમાં ટીમ ઈન્ડિયા પણ 193 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી, કારણ કે પીચ પરથી સ્પિનરો માટે સારી એવી મદદ ઉપલબ્ધ હતી. મેચમાં પરાજય બાદ ડી સિલ્વાએ હારના કારણો ગણાવ્યા. તેમનું કહેવું છે કે, ટીમે ઝડપથી વિકેટો ગુમાવી દીધી, જેના કારણે હારનો સામનો કરવો પડ્યો. શ્રીલંકન કેપ્ટને હારના કારણો જણાવ્યા પોસ્ટ મેચ પ્રેઝન્ટેશનમાં વાત કરતાં ડી સિલ્વાએ કહ્યું કે, 'મને લાગે છે કે બીજા દિવસથી જ અમે મેચમાં ટકી રહ્યા હતા. ચોથી ઈનિંગ્સમાં પણ અમારા ખેલાડીઓએ સખત ટક્કર આપી. મને લાગે છે કે આ એક સરસ મેચ હતી. અહીં પ્રથમ ત્રણ દિવસ બેટિંગ કરવી સરળ હતી. સ્પષ્ટ વાત છે કે, ગાલેમાં ચોથી ઈનિંગ્સ સરળ નથી હોતી, આ વાત તો સૌ જાણે છે. મને લાગે છે કે કેએલ રાહુલ અને દેવદત્ત પડિક્કલે જે સારી શરૂઆત અપાવી, ત્યાંથી જ અમારા પર દબાણ બની ગયું હતું.

### જાપાનની સાતમી સીડ જોડીને હરાવી

## ત્રિસા-ગાયત્રી બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપની ક્વાર્ટર ફાઇનલમાં

નવી દિલ્હી

ભારતની ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં વુમન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં ગુરુવારે 39મી સીડ ભારતીય જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં 7મી સીડ જાપાનની રિન ઈવાનાગા અને કી નાકાનિશીને 21-16, 21-12થી હરાવી. અમેરિકી જોડીને પણ સીધા ગેમમાં હરાવી હતી. આ પહેલા રાઉન્ડ ઓફ 32માં ત્રિસા-ગાયત્રીએ અમેરિકાની 16મી સીડ લોરેન લામ અને એલિસન લીને 21-15, 21-12થી હરાવી હતી. વુમન્સ સિંગલ્સમાં આજે પીવી સિંધુનો મુકાબલો થશે. તે રાઉન્ડ ઓફ 16માં ચીનની વાંગ ઝી યી સામે રમશે. જ્યારે મેન્સ ડબલ્સમાં સાત્વિક-ચિરાગ પણ પ્રી-ક્વાર્ટરફાઈનલનો મુકાબલો રમશે. ભારતના આજે વધુ 4 મુકાબલા થશે.

આમાં આયુષ શેટ્ટી મેન્સ સિંગલ્સમાં રમશે. જ્યારે વિમેન્સ ડબલ્સમાં ત્રિસા જોલી-ગાયત્રી ગોપીચંદ અને મેન્સ ડબલ્સમાં ધ્રુવ કપિલા-તનિષા ક્રાસ્ટોની જોડી ઉતરશે. રાઉન્ડ ઓફ 32માં સિંધુએ કેનેડાની વેન યુ ઝાંગને 21-16, 21-17થી હરાવી હતી. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુને આગલા રાઉન્ડમાં ચીનની મજબૂત ખેલાડીનો પડકાર મળશે. આ મેચ સાંજે 5:10 વાગ્યે શરૂ થશે. મેન્સ સિંગલ્સના રાઉન્ડ ઓફ 16માં આયુષ શેટ્ટીની મેચ ઈન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે થશે.

આયુષે પાછલા રાઉન્ડમાં શ્રીલંકાના દમિંદુ અબિવિક્રમાને 21-8, 21-10થી હરાવ્યો હતો. આ પહેલા તેણે વર્લ્ડ નંબર-1 અને ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીનના શી યુ ચીને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

# રોનાલ્ડો-જ્યોર્જિનાએ 'સાદાઈ'થી લગ્ન કર્યાં

### રોનાલ્ડોએ જ્યોર્જિનાને હીરાથી મઢી, જે સ્ટોરમાં નોકરી કરી, તેના જ કપડાં પહેર્યાં

મુંબઈ

છેલ્લા એક અઠવાડિયાથી સોશિયલ મીડિયા પર એક લગ્નની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. મોટાભાગના સોશિયલ મીડિયા યુઝર્સ પ્રખ્યાત ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને તેની ગર્લફ્રેન્ડ જ્યોર્જિના રોડ્રિગ્ઝેએ ઘરના બેઠક રૂમમાં સાદગીથી કરેલા લગ્નને ખોબલેને ખોબલે વધાવી રહ્યા છે. જોકે, વાસ્તવિકતા એ છે કે, સાદગીપૂર્ણ લાગતા આ લગ્ન પાછળ અબજો રૂપિયાનો ખર્ચ થયો છે. રિપોર્ટ્સ અનુસાર જ્યોર્જિનાએ લગ્નમાં અંદાજે 7.18 અબજની રેર જ્વેલરી પહેરી હતી.

સાથે જ બંનેના કપડાં પણ ગુચ્ચી બ્રાન્ડના હતા. વર્લ્ડ ફેમસ



પોર્ટુગીઝ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને આર્જેન્ટાઈન-સ્પેનિશ મોડલ જ્યોર્જિના રોડ્રિગ્ઝે 11 ઓગસ્ટ 2026ના રોજ લગ્ન કર્યાં. છેલ્લા 10 વર્ષથી સાથે રહેતા રોનાલ્ડો અને જ્યોર્જિનાના 4 બાળકો છે. બંનેએ પોતાના 4 બાળકો અને રોનાલ્ડોના દીકરાની હાજરીમાં પોતાના પોર્ટુગીઝ સ્થિત ઘરના લિવિંગ રૂમમાં લગ્ન કર્યાં. તાજેતરમાં કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ સાદગીપૂર્ણ લાગતા લગ્નમાં જ્યોર્જિના રોડ્રિગ્ઝે $75 મિલિયન એટલે કે અંદાજે 7.18 અબજના ઘરેણાં પહેર્યાં હતાં. ઉપરાંત જ્યોર્જિનાએ ગુચી બ્રાન્ડનો એક ખાસ સૂટ પહેર્યો હતો, જેમાં તેણે મેડ્રિડના એ બુટિકને ટ્રિબ્યુટ આપ્યું હતું, જ્યાં કપલ 10 વર્ષ અગાઉ પહેલીવાર મળ્યું હતું.

વાસ્તવમાં કન્ટેન્ટ ક્રિએટર જુલિયા ચાફે એક વીડિયો શેર કર્યો, જેમાં તેણે જ્યોર્જિનાની જ્વેલરી વિશે વિસ્તૃત વાત કરી. તેણે દાવો કર્યો કે, 'જ્યોર્જિના રોડ્રિગ્સે તેના લગ્ન માટે $75 મિલિયનની ચોપાર્ડ હાઈ જ્વેલરી પહેરી હતી.' જુલિયાએ ઘરેણા વિશે વાત કરતા કહ્યું કે, 'જ્યોર્જિનાએ લગ્ન દરમિયાન પહેરેલાં આ દાગીના ચોપાર્ડના પ્રખ્યાત 'ગાર્ડન ઓફ કલાહારી' કલેક્શનમાંથી છે, જે કલેક્શન અગાઉ વિશ્વ પ્રસિદ્ધ અમેરિકન સિંગર બિયોન્સ અને અંબાણી પરિવાર સાથે મૈત્રીપૂર્ણ સંબંધ ધરાવતી રિહાનાએ પહેર્યું હતું.' ઘરેણાના મુખ્ય આકર્ષણ વિશે વાત કરતા જુલિયાએ જણાવ્યું કે, 'જ્વેલરીનું મુખ્ય આકર્ષણ તેમાં રહેલા 3 હીરા હતા, જેમાં 50 કેરેટનો મુખ્ય હીરો, 25 કેરેટનો પેર શેપ હીરો અને 26 કેરેટનો હાર્ટ શેપ હીરો હતો. આ કલેક્શનની સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ ત્રણેય પેન્ડન્ટ્સને અલગ કરી શકાય છે. જ્યોર્જિનાએ વેડિંગ ડે પર માત્ર 50 કેરેટનો ગોળ હીરો જ પહેરવાનું પસંદ કર્યું.' જ્યોર્જિના વેડિંગ ડ્રેસની પાછળ પણ એક રસપ્રદ સ્ટોરી છે.



### FSSAI ની લાલ આંખ બાદ કંપનીઓએ બદલ્યા લેબલ

## 6 ફૂડ કંપનીઓને '100%' શુદ્ધતાનો દાવો ભારે પડ્યો

મુંબઈ

શું તમે બજારમાંથી '100% શુદ્ધ', '100% નેચરલ' કે '100% અસલી' લખેલું વાંચીને કોઈ પ્રોડક્ટ ખરીદો છો? જો હા, તો સાવધાન થઈ જાવ! આવી લોભામણી જાહેરાતોથી ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી કંપનીઓ પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ લાલ આંખ કરી છે.

FSSAI ના કડક પગલાંને કારણે એમવે ઈન્ડિયા, ઈમામી અને બોન બિસ્કિટ્સ સહિત 6 મોટી ફૂડ કંપનીએ તેમના પેકેજિંગ અને જાહેરાતોમાંથી '100%' શબ્દ હટાવવાની ફરજ પડી છે. સંપૂર્ણ શુદ્ધતા કે શ્રેષ્ઠતા અંગે ખોટી છાપ




હાલમાં જ FSSAI એ ફૂડ બિઝનેસ સાથે જોડાયેલી કંપનીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે તેઓ લેબલ, પેકેજિંગ કે પ્રમોશનલ મટિરિયલ પર '100%' શબ્દનો ઉપયોગ કરવાનું તાત્કાલિક બંધ કરે. નિયમનકારના મતે, આ શબ્દ ગ્રાહકોના મનમાં પ્રોડક્ટની સંપૂર્ણ શુદ્ધતા કે શ્રેષ્ઠતા અંગે ખોટી છાપ ઊભી કરે છે. ખાદ્ય સુરક્ષા અને ધોરણો (જાહેરાત અને દાવાઓ) નિયમો, 2018 મુજબ, ખોરાકના દાવા સાચા, સ્પષ્ટ, અર્થપૂર્ણ અને ભ્રામક ન હોવા જરૂરી છે. FSSAI ના હસ્તક્ષેપ બાદ નીચે મુજબની 6 કંપનીઓએ ભૂલ સ્વીકારીને તેમના દાવા પાછા ખેંચ્યા છે. આ ઉપરાંત, તાજેતરના અહેવાલો મુજબ 'ડાબર' જેવી અન્ય કંપનીઓને પણ મધ, એપલ વિનેગર અને નાળિયેર પાણી જેવી પ્રોડક્ટ્સ પર ભ્રામક દાવાઓ રોકવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. FSSAI નો આ નિર્ણય ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોને છેતરપિંડીથી બચાવવા માટે આવકારદાયક પગલું છે.

### 1 ઓક્ટોબરથી લાગુ થશે નવા નિયમો

## RBIનો નવો ડ્રાફ્ટ: વર્ષ 2027થી બદલાશે પર્સનલ અને હોમ લોનનો નિયમ

### આ ડ્રાફ્ટ પર 11 સપ્ટેમ્બર, 2026 સુધી સૂચનો મંગાવાયા છે, જે 1 એપ્રિલ, 2027થી અમલમાં આવશે. આ નિયમથી હોમ લોન EMIમાં તાત્કાલિક નહીં, પરંતુ RBIના દરોમાં ફેરફારનો લાભ 3 મહિનામાં મળશે

મુંબઈ

ભારતીય રિઝર્વ બેન્ક (RBI) આગામી સમયમાં એક એવા મહત્ત્વપૂર્ણ ફેરફારનો પ્રસ્તાવ લાવી રહી છે, જેનાથી ફ્લોટિંગ રેટ લોન પર વ્યાજ દરોમાં થતા ફેરફારની અસર ગ્રાહકો પર ખૂબ ઝડપથી જોવા મળશે. RBIની આ નવી ફ્રેમવર્ક યોજના હાલમાં માત્ર એક ડ્રાફ્ટ (ખરડો) છે, જેના પર 11 સપ્ટેમ્બર 2026 સુધી સૂચનો મંગાવવામાં આવ્યા છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો આ નિયમ 1 એપ્રિલ, 2027થી અમલમાં આવશે. જોકે આ નિયમથી હોમ લોનની EMIમાં તુરંત કોઈ ફેરફાર નહીં થાય, પરંતુ રિઝર્વ બેન્ક દ્વારા દરોમાં ઘટાડો કે વધારો કરવાનો લાભ કે અસરો લોન ધારકો સુધી પહોંચવાની પ્રક્રિયા ઘણી બદલાઈ જશે.

વ્યાજ દરો રીસેટ કરવાની ફ્રીક્વન્સીમાં મોટો ફેરફાર RBIનો સૌથી મોટો પ્રસ્તાવિત




ફેરફાર વ્યાજ દરોના રીસેટ સમયગાળા સાથે જોડાયેલો છે. હાલમાં મોટાભાગની ફ્લોટિંગ-રેટ લોન વર્ષમાં માત્ર એક જ વાર રીસેટ થાય છે. આના કારણે RBI દ્વારા રેપો રેટમાં ઘટાડો કર્યા બાદ પણ લોન ધારકોને તેનો લાભ મેળવવામાં મહિનાઓ લાગી જતા હતા. પ્રસ્તાવિત નિયમ હેઠળ હવે ફ્લોટિંગ રેટ લોન વધુમાં વધુ ત્રણ મહિનાની અંદર રીસેટ કરવી પડશે. આનાથી રેપો રેટ આધારિત હોમ લોન લેનારાઓને વ્યાજ દરો ઘટવાનો લાભ ઝડપથી મળશે, પરંતુ સામે પક્ષે વ્યાજ દરો વધવાની સ્થિતિમાં તેની અસર પણ વહેલી જોવા મળશે. RBIનો આ નવો રીસેટ ફ્રેમવર્ક મુખ્યત્વે ફ્લોટિંગ-રેટ લોન પર લાગુ થાય છે. રિટેલ લેન્ડિંગ ક્ષેત્રે તે ખાસ કરીને હોમ લોન પર અસર કરશે.

મોટાભાગની પર્સનલ અને ઓટો લોન ફિક્સ-રેટ આધારિત હોવાથી આ નિયમોને કારણે હયાત પર્સનલ લોનની EMIમાં અચાનક કોઈ બદલાવ નહીં આવે. જોકે, નવા લોન ધારકો માટે પારદર્શિતા વધશે અને લોન એગ્રીમેન્ટમાં જ બેન્ચમાર્ક, રેટ રીસેટની ફ્રીક્વન્સી અને રીસેટ તારીખ જેવી વિગતો સ્પષ્ટપણે દર્શાવવી પડશે. આ ઉપરાંત ડ્રાફ્ટમાં સ્પ્રેડના નોન-ક્રેડિટ હિસ્સામાં ત્રણ વર્ષ સુધી કોઈ ફેરફાર ન કરવાનો પ્રસ્તાવ પણ છે.

### સોના-ચાંદીના ભાવમાં વધારો થયો

## સોના-ચાંદીનાં ભાવમાં મોટો ઉછાળો: ચાંદીમાં ₹9200નો વધારો, સોનું ₹3,500 મોંઘું થયું

મુંબઈ

સોના-ચાંદીની કિંમતો 20 ઓગસ્ટે વધી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 9,260 રૂપિયા વધીને 2.38 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 3,519 રૂપિયા વધીને 1.57 લાખ રૂપિયા થઈ ગયો છે. આ મહિને એટલે કે ઓગસ્ટમાં 20 દિવસમાં જ સોનું 15 હજાર અને ચાંદી 20 હજાર રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. નિષ્ણાતોના મતે સોનું આ વર્ષના અંત સુધીમાં 1 લાખ 70 હજાર રૂપિયા સુધી જઈ શકે છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 24 હજાર રૂપિયા



મોંઘું થઈ ગયું છે. જ્યારે, ચાંદી 1,195 રૂપિયા સસ્તી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10g સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.57 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.38 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંધ બેનર્જીના મતે, સોનાને સામાન્ય રોકાણકારોની સાથે વિશ્વભરની કેન્દ્રીય બેંકો જેવી કે આરબીઆઈનો પણ ટેકો છે, જે સતત સોનું ખરીદી રહી છે. આગળ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિ સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. અમને જે ભવિષ્યની પરિસ્થિતિઓ દેખાઈ રહી છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

## સેન્સેક્સ 628 પોઈન્ટ વધીને 77,538 પર બંધ

- **નિફ્ટીમાં 154 પોઈન્ટનો વધારો રહ્યો, મીડિયા અને રિયલ્ટી શેર્સમાં વધુ ખરીદી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 20 ઓગસ્ટે વધારો જોવા મળ્યો. સેન્સેક્સ 628 પોઈન્ટ વધીને 77,538 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 154 પોઈન્ટનો વધારો રહ્યો, તે 24,232 પર બંધ થયો. મીડિયા, રિયલ્ટી અને FMCG શેર્સમાં આજે વધુ ખરીદી જોવા મળી. થર્મલ એન્જિનિયરિંગ અને સ્પેશિયલાઈઝ્ડ કેબલ બનાવતી કંપની ટેમ્પસેન્સ ઈન્સ્ટ્રુમેન્ટ્સ લિમિટેડનો IPO આજથી ખુલ્યો છે.



રોકાણકારો તેમાં 24 ઓગસ્ટ સુધી બોલી લગાવી શકશે. કંપની IPO દ્વારા 650 કરોડ રૂપિયા ભેગા કરવા માંગે છે. આ પહેલા ગઈકાલે એટલે કે 19 ઓગસ્ટે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 326 પોઈન્ટના ઘટાડા સાથે 76,910 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 77 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,078 પર બંધ થયો હતો.

### ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓ સામે પ્રશાન કેમ લાચાર, ચર્ચાતો સવાલ

# સરકારે હાથ ઊંચા કર્યા : આરોગ્યમંત્રીએ કહ્યું, જનતા જાતે હેલ્થ સાચવે



- આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ કહ્યું, બહાર ના ખાતા, શક્ય હોય તો ઘરે પનીર વગેરે બનાવો
- મિલાવટ સામે પગલાં લેવાને બદલે જવાબદાર તંત્ર લોકોને જાતે સાવધાની રાખવા કહે છે

અમદાવાદ

આવનારા દિવસોમાં રક્ષાબંધન, સાતમ-આઠમ અને જન્માષ્ટમી સહિતના તહેવારો આવી રહ્યાં છે અને ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ-મિલાવટ કરનારાઓ જાણે કે તંત્રનો કોઇ ભય ના હોય તેમ પનીર, ચીઝ વગેરેમાં મિલાવટ કરી રહ્યા છે અને અનેક સ્થળે તો વાસી અને બિનઆરોગ્યપ્રદ ભોજન સહિતની ખાદ્યસામગ્રી પણ વેચાઈ રહી છે ત્યારે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે જનતાને ભગવાન ભરોસે મુકતા જણાવ્યું છે કે લોકોએ શક્ય હોય ત્યાં સુધી બહારની વસ્તુઓ ખાવાને બદલે પનીર સહિતની ખાદ્ય સામગ્રી ઘરે બનાવવી જોઇએ અને ખાવી જોઇએ. બોલો, હવે જનતા સરકારી તંત્ર પર ભરોસો પણ ના કરી શકે અને મહિને એકાદ વાર પરિવાર સાથે બહાર જમવાનું પ્લાનિંગ કરનારા સામાન્ય પરિવારના લોકોએ ડરતા ડરતા કે બિમાર ના પડી જવાય એ ભય સાથે માણેકચોક કે અન્ય હોટેલ કે રેસ્ટોરન્ટમાં જમવું પડે તેવા દિવસો આવ્યા છે. તાજેતરમાં સરકારે એક નિવેદન કરી જણાવ્યું કે શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં ભેળસેળયુક્ત ખાદ્યસામગ્રી વેચતા વેપારીઓ સામે રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ નાગરિકોને શ્રાવણ માસની શુભકામનાઓ પાઠવી ભેળસેળિયા તત્વો સામે સરકારની ‘ઝીરો ટોલરન્સ’ નીતિ હોવાનું જણાવ્યું છે. શ્રદ્ધા અને નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી પણ તેમણે આપી છે.

**“ ફરાળી લોટથી ઘી-દૂધ સુધી સઘન તપાસ કે ફક્ત નાટક?**

આરોગ્ય વિભાગ અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર ગુજરાતમાં ખાદ્યસામગ્રીનું ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. સ્થળ પર દરોડા પાડી ફરાળી લોટ, માવો, પનીર, ઘી અને દૂધ સહિતની વસ્તુઓના નમૂના લેવામાં આવી રહ્યા છે. તપાસ દરમિયાન નકલી અથવા ભેળસેળયુક્ત જથ્થો મળી આવે તો તેને જપ્ત કરીને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**“ મંત્રીજી, અપીલ ભલે કરો પણ, જવાબદારી તમારી રહેશે**

મંત્રીએ નાગરિકોને અપીલ કરી છે કે નાગરિકોએ શક્ય હોય ત્યાં સુધી ખાવાની વસ્તુઓ ઘરે જ બનાવવી જોઈએ અથવા કોઈ પ્રમાણિક વ્યક્તિ, માન્ય કંપની કે ગૃહ ઉદ્યોગ પાસેથી જ ખરીદવી જોઈએ.

તેમણે ચેતવણી આપતાં ઉમેર્યું હતું કે, વધુ નફો કમાવાની લાલચમાં જો કોઈ વેપારી ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ કરશે, તો રાજ્ય સરકાર તેની સામે કડકમાં કડક કાનૂની પગલાં ભરશે.

**ભગવાન સાથે પણ મિલાવટ, ઘી સાચવી ખરીદજો |** આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ ખાસ કરીને ‘પૂજા માટેનું ઘી’ ખરીદતા નાગરિકોને સાવચેત રહેવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે શ્રદ્ધાના કારણે લોકો માત્ર ‘પૂજા માટેનું ઘી’ લખેલું લેબલ જોઈને ઉત્પાદન ખરીદી લેતા હોય છે, પરંતુ કેટલાક કિસ્સામાં આવા ઘીમાં ભેળસેળ હોવાની શક્યતા રહે છે. તેથી આવા બનાવટી ઘીથી દૂર રહેવું જોઈએ.

**નકલી ડેરી પ્રોડક્ટ્સ સામે પણ કાર્યવાહીના નામે નાટક |** આરોગ્ય વિભાગની ટીમો આગામી સમયમાં પણ અનધિકૃત અને બનાવટી ડેરી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કે વેચાણ કરતા એકમો સામે સઘન ચેકિંગ ચાલુ રાખશે. અનાલોગ પનીર, ચીઝ, માવો અને બટર જેવા ઉત્પાદનોનું ગેરકાયદેસર ઉત્પાદન કે વેચાણ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**‘ભેળસેળ મુક્ત ગુજરાત’ માટે નાગરિકોને અપીલ |** આરોગ્ય મંત્રીએ ‘ભેળસેળ મુક્ત ગુજરાત’ અભિયાનમાં નાગરિકોને પણ જાગૃત થવા અપીલ કરી છે. સરકારની કાર્યવાહી સાથે લોકો પણ ખરીદી વખતે સાવચેતી રાખે અને શંકાસ્પદ ખાદ્યસામગ્રીથી દૂર રહે તે જરૂરી હોવાનું તેમણે જણાવ્યું. ભેળસેળ સામે જાગૃતિ ફેલાવવામાં મીડિયા દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીને પણ તેમણે બિરદાવી હતી.

## અમદાવાદમાં મહાઠગ અનિલ વિભાણીનું વધુ એક કારસ્તાન: સોની વેપારીઓ સાથે 4.45 કરોડની ઠગાઈ

અમદાવાદ

અમદાવાદમાં છેતરપિંડી અને ઠગાઈના કારનામાઓ માટે જાણીતા અનિલ વિભાણીએ વધુ એક કરોડો રૂપિયાનું કારસ્તાન આચરીને શહેરના વેપારી આલમમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. પોતાની માયાજાળમાં લોકોને ફસાવીને કરોડો રૂપિયા પચાવી પાડવાની ટેવ ધરાવતા આ શાતિર ઠગે આ વખતે સોની વેપારીઓને પોતાનો શિકાર બનાવ્યા છે અને 4.45 કરોડ રૂપિયાની વિરાટ રકમની ઠગાઈને અંજામ આપ્યો છે. અનિલ વિભાણી પોતે જમીન, મકાન તેમજ સોના-ચાંદીના કારોબારમાં દલાલી કમ એજન્ટ તરીકે




કામ કરતો હોવાની મોટી મોટી વાતો કરીને સોની વેપારીઓનો વિશ્વાસ જીતતો હતો. તેણે જ્વેલર્સમાંથી કરોડોની કિંમતના ગોલ્ડ અને ડાયમંડના મોંઘાદાટ દાગીનાઓની ખરીદી કરી હતી. જોકે, દાગીના લીધા બાદ તેણે વેપારીઓને ન તો દાગીના પરત કર્યા કે ન તો તેના નાણાં ચુકવ્યા. લાંબો સમય સુધી ધક્કા ખવડાવ્યા બાદ આખરે વેપારીઓને પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થયો હતો. આ સમગ્ર મામલે આર્થિક ગુના નિવારણ શાખા (EOW) માં ફરિયાદ નોંધાતા જ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય સૂત્રધાર અનિલ વિભાણી, તેની પત્ની વિમ્મી વિભાણી, દીકરો વેદાંત વિભાણી અને જમાઈ શિવમ ગઢવીની ધરપકડ કરી લીધી છે.

## અમદાવાદમાં કલર ડાઇઝ અને કેમિકલના વેપારીઓ સાથે ₹15 કરોડથી વધુનું કૌભાંડ

શાતિર ટોળકીનો અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઇકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના વેપારી આલમમાં કરોડો રૂપિયાની છેતરપિંડીનો વધુ એક ભયાનક મામલો સામે આવતા સન્નાટો વ્યાપી ગયો છે. શહેરના કલર ડાઈઝ અને કેમિકલના વેપારીઓનો વિશ્વાસ જીતી, ઉધારમાં કરોડો રૂપિયાનો માલસામાન ખરીદીને નાણાં ન ચૂકવી રફુચક્કર થઈ જનારી શાતિર ટોળકીનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ મહાકૌભાંડના મુખ્ય સૂત્રધાર સહિત બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. કેમિકલ વેપારીઓ સાથે કરોડોની ઠગાઈ આચરીને ફરાર થઈ ગયેલા આરોપીઓને પકડવા માટે EOW ની ટીમે ચારેય તરફ જાળ બિછાવી હતી. જેમાં પોલીસે મુખ્ય આરોપી મોહિત સતપાલ સહાનીને જયપુરથી ઝડપી પાડ્યો છે, જ્યારે તેના સાગરીત કલ્પેશ ત્રિકમભાઈ પટેલને અમદાવાદના શેલા વિસ્તારમાંથી દબોચી લેવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવેલા ચોંકાવનારા ખુલાસા મુજબ, આરોપીઓએ વેપારીઓને પેમેન્ટ સમયસર ચૂકવી દેવાની મોટી મોટી ગુલાબી વાતો કરી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ કરોડો રૂપિયાનો કલર ડાઈઝ અને કેમિકલનો માલસામાન ઉધારમાં મેળવી લીધો હતો. માલ કબજે કર્યા બાદ આરોપીઓએ બજારમાં તેનો બારોબાર નિકાલ કરી દીધો હતો અને વેપારીઓને નાણાં ચૂકવ્યા વગર હાથ ઊંચા કરી દીધા હતા. પ્રારંભિક તપાસ દરમિયાન જ અત્યાર સુધીમાં 19 જેટલા મોટા વેપારીઓ આ ઠગ ટોળકીનો શિકાર બન્યા હોવાનું સામે આવ્યું છે. EOW ના અધિકારીઓના જણાવ્યા મુજબ, જેમ જેમ વધુ ફરિયાદો અને હિસાબી ચોપડાઓની તપાસ આગળ વધશે, તેમ તેમ આ છેતરપિંડીનો કુલ આંકડો 15 કરોડ રૂપિયાથી પણ વધુ પહોંચવાની પૂરેપૂરી શક્યતા છે. હાલ EOW દ્વારા પકડાયેલા બંને આરોપીઓના રિમાન્ડ મેળવીને તેમણે આચરેલા સમગ્ર આર્થિક વ્યવહારો, માલ ક્યાં બેનામી રીતે વેચ્યો અને આ કૌભાંડમાં અન્ય કોઈ વગદાર ચહેરાઓ સામેલ છે કે કેમ તે અંગેની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ અન્ય ભોગ બનેલા વેપારીઓને પણ સામે આવવા અપીલ કરવામાં આવી છે.

## શ્યામ ઉપવન સાઈટના 10મા માળેથી યુવતીને નીચે ફેંકી દેવાઈ

### નરોડામાં સનસનાટી મચી: સદનસીબે આબાદ બચાવ

અમદાવાદ

અમદાવાદના નરોડા મુઠિયા ટોલ પ્લાઝા નજીક આવેલી ‘શ્યામ ઉપવન’ નામની કન્સ્ટ્રક્શન સાઈટ પરથી એક અત્યંત કાનપટ્ટી સળગાવી દે તેવી ઘટના સામે આવી છે. બે દિવસ પહેલાં આ સાઈટના દસમા માળેથી ત્રણ યુવકોએ એક યુવતીને નીચે ફેંકી દીધી હતી. સદનસીબે, કુદરતની કૃપાથી આ દીકરીનો આબાદ બચાવ થયો છે. જોકે, ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે હાલમાં દીકરી હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે જંગ ખેલી રહી છે અને સારવાર હેઠળ છે.



કન્સ્ટ્રક્શન સાઈટ પર બનેલી આ ઘટનાએ મહિલા સુરક્ષાના દાવાઓની ધજીયા ઉડાવી દીધી છે. દસમા માળ જેવા ઊંચા સ્તરેથી યુવતીને નીચે ફેંકી દેવા પાછળ આ ત્રણેય યુવકોનો હેતુ શું હતો, તેમની વચ્ચે શું વિવાદ થયો હતો કે પછી કોઈ મોટું અમાનુષી કૃત્ય આચરવાનો પ્રયાસ હતો, તે અંગે અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે. ત્રણ-ત્રણ શખ્સોએ ભેગા મળીને એક અબળા દીકરી પર આચરેલું આ કૃત્ય કાયદાની વ્યવસ્થા સામે મોટો પડકાર ફેંકી રહ્યું છે.

અમદાવાદ શહેર અને નરોડા વિસ્તારમાં આ ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા જ ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી દીકરીની સ્થિતિ જોઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો માંગ કરી રહ્યા છે કે મહિલા સુરક્ષાના મોટા મોટા દાવા કરતી અમદાવાદ પોલીસ ત્વરિત એક્શન મોડમાં આવે અને આ કૃત્યમાં સામેલ ત્રણેય આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલે.

### આનંદનગરની ઘટના બાદ નિર્ણય છતાં કાર્યવાહી અધૂરી

## AMCમાં 2,968 સિક્યુરિટી ગાર્ડ્સનું વેરિફિકેશન લટક્યું

### પોલીસ વેરિફિકેશન વગર ગાર્ડ્સ તૈનાત હોવાના મુદ્દે સ્ટેન્ડિંગ કમિટીમાં સવાલો ઉઠ્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના આનંદનગર વિસ્તારમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા યુવતી પર આચરવામાં આવેલા બળાત્કારની ગંભીર ઘટના બાદ તમામ સિક્યુરિટી એજન્સીઓ અને તેમાં ફરજ બજાવતા ગાર્ડ્સનું પોલીસ વેરિફિકેશન ફરજિયાત બનાવવાનો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની વિવિધ મિલકતોમાં સિક્યુરિટી પૂરી પાડતી એજન્સીઓના ગાર્ડ્સનું વેરિફિકેશન કરવાનું હતું, પરંતુ લાંબો સમય વીતી જવા છતાં આ પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. ભાજપ શાસિત સ્ટેન્ડિંગ કમિટીમાં સતત બીજી બેઠકમાં આ ગંભીર મુદ્દે સવાલ પૂછવામાં આવતાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈને સિક્યુરિટી વિભાગના અધિકારીઓ સ્પષ્ટ આંકડા આપી શક્યા નહોતા, જેના કારણે પાલિકામાં ચાલી રહેલી પોલંપોલ ખુલ્લી પડી ગઈ છે.




સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે આ બેદરકારી સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનની મિલકતોમાં એજન્સીઓ દ્વારા તૈનાત કરાયેલા કેટલા ગાર્ડ્સનું વેરિફિકેશન પૂર્ણ થયું છે અને કેટલાનું બાકી છે તે અંગે વિગતો માંગવામાં આવી હતી. અધિકારીઓ દ્વારા માત્ર અમુક જ ઝોન અને એજન્સીઓના અધૂરા આંકડા રજૂ કરાતાં તેમને તમામ એજન્સીઓની સંપૂર્ણ માહિતી સાથે આવવા તાકીદ કરવામાં આવી છે. ચેરમેને કડક આદેશ આપતાં આગામી 7 દિવસમાં તમામ સિક્યુરિટી ગાર્ડ્સનું વેરિફિકેશન પૂરું કરી સમગ્ર વિગતો રજૂ કરવાનો આદેશ આપ્યો છે. મળતી માહિતી મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 14 અલગ-અલગ સિક્યુરિટી એજન્સીઓ મારફતે આશરે 2,968 ગાર્ડમેન, સાદા ગાર્ડ અને સિક્યુરિટી ગાર્ડ રાખવામાં આવ્યા છે. નિયમ મુજબ કોઈપણ ગાર્ડની નિમણૂક કરતાં પહેલાં તેનું પોલીસ વેરિફિકેશન કરાવવું અનિવાર્ય છે. આમ છતાં તાજેતરમાં ટેન્ડર મેળવનારી એજન્સીઓ ઉપરાંત જૂની એજન્સીઓના ગાર્ડ્સનું પણ વેરિફિકેશન કરવામાં આવ્યું નથી અને તેઓ કોઈપણ જાતની તપાસ વગર નોકરી કરી રહ્યા છે.

## રેસ્ટોરન્ટમાં ઇનહાઇજેનિક કન્ડિશન : મોટેરાની જીમણ રેસ્ટોરન્ટમાં રોટલીમાંથી માખી નીકળી

અમદાવાદ

અમદાવાદ શહેરના મોટેરા વિસ્તારમાં આવેલા જીમણ રેસ્ટોરન્ટમાં જમવા ગયેલા ગ્રાહકને રોટલીમાં માખી નીકળી હતી. જેને લઈને ગ્રાહકે હોટલમાં મેનેજર અને સ્ટાફને બતાવીને હોબાળો કર્યો હતો. સમગ્ર મામલે AMC ફૂડ વિભાગને ફરિયાદ કરવામાં આવતા હોટલને અનહાઈજેનિક કન્ડિશનને લઈ 25000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જોકે હોટલ- રેસ્ટોરન્ટમાં હવે કોઈપણ ચીજ વસ્તુ નીકળે તો માત્ર દંડ કરી દેવામાં આવે છે. એક પરિવાર જીમણ રેસ્ટોરન્ટમાં જમવા ગયો હતો. આ દરમિયાન રોટલી મંગાવી અને જોયું ત્યારે તેમાંથી માખી નીકળી હતી.



માખી નીકળી હોવાને લઈને તેઓએ જવાબદાર વ્યક્તિને રજૂઆત કરી હતી. રેસ્ટોરન્ટના જવાબદાર વ્યક્તિને તેઓએ રજૂઆત કરી અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગમાં ફરિયાદ કરી હતી તે અને રોટલીનું સેમ્પલ પણ તેઓના આપવાની વાત કરી અને ફુડ વિભાગમાં ફરિયાદ નોંધાવી દીધી હતી. તેના પગલે ફૂડ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે ત્યાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. રેસ્ટોરન્ટમાં તપાસ કરતા અનહાઇઝની કન્ડિશન મળી આવી હતી જેથી કરીને ફૂડ વિભાગે મોટેરા વિસ્તારની જીમણ રેસ્ટોરન્ટને રૂ. 25000નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

## AMC અધિકારીના નામે તોડ કરતા દંપતી પર ACBની તવાઈ

### ગેરકાયદે બાંધકામ ન તોડાવવાના નામે 3.15 લાખની લાંચ લેતાં મહિલા પત્રકાર અને પતિ રંગેહાથ ઝડપાયા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં AMCના અધિકારીઓના નામે તોડબાજી કરી લાંચ માંગતા તોતિંગ કૌભાંડનો ACBએ પર્દાફાશ કર્યો છે. શહેરના સોનીની ચાલ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ તોડાવી પાડવાની ધમકી આપીને AMCના અધિકારી તથા પોતાના હિસ્સા પેટે લાખો રૂપિયાની લાંચ માંગનાર મહિલા પત્રકાર અને તેના પતિને ACB ની ટીમે 3.15 લાખની રોકડ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધા છે. આ મામલે એસીબીએ ગુનો નોંધી દંપતીની ધરપકડ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. નિકોલ વિસ્તારમાં રહેતા 'નવજીવન ક્રાઈમ અધિકારી ન્યૂઝ'ના મહિલા પત્રકાર શિલ્પા આહિર અને તેમના પતિ વિજય આહિરે શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતા એક નાગરિકને નિશાન બનાવ્યા હતા. ફરિયાદીએ પોતાના મકાન અને દુકાનના ઉપરના ભાગે પહેલા માળે પતરાની છત દૂર કરીને સ્લેબ ભરી પાકું બાંધકામ કર્યું હતું, જેને દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસની જાણ થતાં જ બંને પત્રકારોએ મકાન માલિકનો સંપર્ક કર્યો હતો અને પ્રથમ માળનું નવું બાંધકામ મ્યુનિસિપલ તંત્ર પાસે તોડાવી નાખવાની ધમકી આપી હતી. બાંધકામ સામે ડિમોલિશનની કાર્યવાહી ન કરાવવી હોય તો AMC ના અધિકારીઓના નામે 3 લાખ અને પોતાના અંગત ખર્ચા પેટે 25 હજાર મળીને કુલ 3.25 લાખની લાંચની માંગણી કરવામાં આવી હતી. આ રકમ પૈકી મકાન માલિકે અગાઉ 10,000 આપી દીધા હતા, જ્યારે બાકીના 3.15 લાખ ચૂકવવા માટે દંપતી સતત દબાણ કરી રહ્યું હતું. લાંચની આ તોતિંગ રકમ આપવા ન માંગતા જાગૃત મકાન માલિકે સીધો લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (ACB) નો સંપર્ક કરી સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ACB ની ટીમે લાંચિયા દંપતીને પકડવા માટે સોનીની ચાલ વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું. શિલ્પા આહિર અને વિજય આહિર ફરિયાદી પાસેથી બાકી રહેલી લાંચની રકમ લેવા માટે સ્થળ પર પહોંચ્યા હતા. ફરિયાદી પાસેથી લાંચ પેટે 3.15 લાખની રોકડ રકમ સ્વીકારતાની સાથે જ ACB ના અધિકારીઓએ બંનેને રંગેહાથ દબોચી લીધા હતા.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI